मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૩ મું | અંક ૪ થો

માહ

ઇ. સ. ૧૯૪૭ | ૨૧ મી જાન્યુઆરી

વીર સં. ૨૪૭૩ | વિક્રમ સં. ૨૦૦૩


પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

પુસ્તક ૬૩ મું } અંક ૪ થો } મહા { વીર સં. ૨૪૭૩ { વિ. સં. ૨૦૦૩

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીપદ્મપ્રભસ્વામીનું સ્તવન ... | ...( આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી ) | ૬૯ |
| ૨. | શ્રી જિનેંદ્ર સ્તવન સુમન ... | ( શ્રી બાલચંદ હીરાચંદ–માલેગામ ) | ૭૦ |
| ૩. | શ્રી સંવર ભાવના ... ... | ... ( મગનલાલ મોતીચંદ શાહ ) | ૭૧ |
| ૪. | ભોગમીમાંસા ... ... | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૭૨ |
| ૫. | ન્યાયખંડખાદ્યમ્ : સાર્થ : ૮ ... | ...( જીવરાજભાઇ ઓધવજી દોશી ) | ૭૬ |
| ૬. | સુભાષિતરત્નમંજૂષા ... ... | ... ... ( સ્વ. કુંવરજીભાઇ ) | ૮૦ |
| ૭. | અધ્યાત્મ–શ્રીપાલચરિત્ર: ૩ ... | ... ( મોહનલાલ દીપચંદ ચોકસી ) | ૮૧ |
| ૮. | पारसी भाषा की जैन रचनायें | ... ... ( અગરચંદજી નાહટા ) | ૮૪ |
| ૯. | પ્રથમ અંગનું પરિમાણ ... | ( પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા ) | ૮૭ |
| ૧૦. | સભા સમાચાર ... ... | ... ... ... | ૯૨ |
| ૧૧. | સ્વીકાર અને આભાર ... | ... ... ... | ટા. પે. ૩ |
| ૧૨. | સદ્‌ગતને સ્મરણાંજલિ ... | ... ( અમરચંદ માવજી શાહ ) | ટા. પે. ૪ |


## નવા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી બબલચંદભાઇ કેશવલાલ મોદી | મુંબઇ | પેટ્રન |
| ૨. | ડોકટર પ્રેમચંદ વર્ધમાન શાહ | તલોદ | લાઇફ મેમ્બર |
| ૩. | ચત્રભુજ ભગવાનલાલ શાહ | વેરાવળ | ,, |
| ૪. | શ્રી ગણેશમલ ચાંદમલ શેઠ | બ્યાવર | ,, |
| ૫. | હીરાલાલ એમ. શાહ | અગાસ | ,, |
| ૬. | શાહ ગુણવંતરાય ન્યાલચંદ | શીહોર | ,, |
| ૭. | નરોત્તમદાસ શામજીભાઇ શેઠ | મુંબઇ | વાર્ષિકમાંથી ,, |
| ૮. | દીપચંદ જીવણલાલ શાહ | ભાવનગર | ,, ,, |
| ૯. | લખમશી ગોવીંદજી શાહ | મુંબઈ | વાર્ષિક મેમ્બર |
| ૧૦. | શા કીસનદાસ ભુખણદાસ | માલેગામ | ,, |
| ૧૧ | સંઘવી મનસુખલાલ જેચંદભાઈ | ભાવનગર | ,, |

# શ્રીયુત બબલચંદભાઇ કેશવલાલ મોદી

આપણા પવિત્ર તીર્થ "**શ્રી સમેતશિખર**"ના કેસને માટે સફળ પ્રયાસ કરનાર અમદાવાદનિવાસી જાણીતા ધારાશાસ્ત્રી સ્વ૦ શ્રી કેશવલાલ પ્રેમચંદ મોદીના નામથી ભાગ્યેજ જૈન સમાજ અજાણ હશે. શ્રી બબલચંદભાઇ તેઓશ્રીના સુપુત્ર છે. સન ૧૯૦૦ની ૨૯ મી ઓકટોબરે તેમનો જન્મ થયેલો. બુદ્ધિકૌશલ્ય ને ચીવટને પરિણામે તેઓનું અધ્યયન તેજસ્વી નિવડયું અને બાહોશ ધારાશાસ્ત્રીના પુત્ર વકીલવર્ગમાં અજોડ સ્થાન પ્રાપ્ત કરશે તેવી આશા ઉદ્ભવી પણ શારીરિક સંપત્તિ સારી ન રહેવાને કારણે તેમનો કોલેજનો અભ્યાસ અધૂરો રહ્યો અને માત્ર વીશ વર્ષની વયે વ્યાપારી લાઇનમાં ઝુકાવ્યું.

શરૂઆતમાં મુંબઇખાતે સાઇકલનો વ્યાપાર શરૂ કર્યો, ત્યારબાદ મલબારખાતે રબ્બરનો ઉદ્યોગ શરૂ કર્યો અને તેમની વ્યાપાર-કુશળતાથી આકર્ષાઇ "બીરલા બ્રધર્સ" જેવી માતબર વ્યાપારી-પેઢીએ તેમનો સંસર્ગ સાધ્યો. શ્રીયુત બબલચંદભાઇએ પોતાનું સ્થાન અગ્રગણ્ય વ્યાપારી-પેઢીઓની હરોળમાં જમાવી લીધું છે.

પિતાના સુસંસ્કારો તેમનામાં ઉતર્યા છે, અને તેમની ધર્મભાવના ઘણી જ પ્રશંસનીય છે. તેઓ માત્ર વ્યાપારી જ નહીં પરંતુ સાક્ષર પણ છે અને માત્ર વીસ વર્ષની વયે "**તરંગવતી**" જેવા ગ્રંથનું એડીટ પણ તેઓએ કર્યું હતું.

તેમનો સમાજ-પ્રેમ તેમજ કેળવણી-પ્રેમ જાણીતો છે અને કીર્તિની અભિલાષા વગરનું તેમનું ગુપ્તદાન પણ આપણી પ્રશંસા માગી લે છે. વિદ્યોત્તેજક મંડળ, મહાવીર વિદ્યાલય, બાલાશ્રમ, ગુરુકુલ વિગેરે આપણી ઘણી સંસ્થાઓમાં તેઓ એક યા બીજી રીતે જોડાયેલા છે.

આવા એક સજ્જન સદ્ગૃહસ્થ આપણી સભાના કાર્યથી આકર્ષાઇ સભાના પેટ્રનપદનો સ્વીકાર કરે છે, તે સભાને માટે પણ ગૌરવનો વિષય છે. અમે શ્રી બબલચંદભાઇનું દીર્ઘાયુષ ઇચ્છી તેઓ સુકૃતનાં અનેક કાર્યો કરે તેમ પ્રાર્થીએ છીએ.





| | | |
|---|---|---|
| પુસ્તક ૬૩ મું.<br>અંક ૪ થો | : મહા : | વીર સં. ૨૪૭૩<br>વિ. સં. ૨૦૦૩ |


मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या । ( મુદ્રાલેખ )

# શ્રી પદ્મપ્રભસ્વામીનું સ્તવન

( રાગ–ગિરિવર દરિસણ વિરલા પાવે )

વંદો પદકજ પદ્મપ્રભુના, વાંછિત પૂરે ભવ્ય જનોના;
પદ્મ લંછન દેહવર્ણે રાતા, શ્રીધરસુસીમા પુત્ર વિખ્યાતા–વંદો૦૧

કાર્ત્તિક વદિ બારસ દિન જાયા, કૌશાંબી જન સવિ હરખાયા;
કાયપ્રમાણ અઢીસો ધનુષ્ય, ત્રીસ લાખ પૂરવનું આયુષ્ય–વંદો૦૨

કુંવરપણે સાડી સાત લાખ પૂર્વ, રાજ્ય સાડી એકવીસ લખપૂર્વ;
એક લાખ પૂરવ સંયમવંતા, માસ છ છદ્મસ્થભાવ ધરંતા–વંદો૦૩

કેવલનાણી તીર્થ ઠવંતા, સમ્મેતશિખર પ્રયાણ કરંતા;
ત્રણ સો આઠ શ્રમણપરિવારે, સિદ્ધ તરે બીજાને તારે–વંદો૦૪

અંતર પંચમ છઠ્ઠા પ્રભુનું, નેવું સહસ કોડી સાગરનું;
નેમિસૂરીશ્વર પદ્મસૂરિએ, પુણ્યે થુણિયા પદ્મપ્રભુને–વંદો૦૫

**આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી**

# શ્રી જિનેંદ્ર સ્તવન સુમન

( દેશી કડખાની )

વિમલ મુખચંદ્ર જિનરાજનો દેખતા, અમૃતરસ ઉદધિ મન મુદિત હરખે;
સ્વાનુભવ રૂપ નિજ આત્મનું સાંભરે, હર્ષ ઉત્કર્ષ મન આત્મ પરખે. આંકણી.

ચંદ્ર ઉપમાન જિનમુખતણે નવિ ઘટે, ચંદ્ર સકલંક જનમાંહિ ગાજે;
બાહ્ય અભ્યંતરે જિનપતિ વિમલ જે, તેહને ચંદ્ર ઉપમા ન છાજે. વિમલ૦ ૧

સૂર્યસમ તેજ જિનરાજ મુખ જોવતા, સકલ વિકસિત થયા આત્મકમલો;
પણ રવિ દાહ આપે પ્રભુ શાંતિને, તેહથી વિફલ ઉપમાન ન ભલો. વિમલ૦ ૨

ભક્ત મનકામના પૂરતા ભક્તિરસ, શુદ્ધતા અમિત ઉત્કર્ષથી જે;
કલ્પતરુસમ વિભુ જે મનોવાંછના, શુદ્ધ બુદ્ધિ ધરી જેહ કીજે. વિમલ૦ ૩

તેહ ઉપમાન પણ વિફલ થાવે ઈહાં, કલ્પતરુ કાષ્ઠ કિમ દેવ છાજે?
સ્વગુણગણ પૂર્ણ ઉત્કર્ષયુત જિનપતિ, જે ચિદાનંદરૂપે બિરાજે. વિમલ૦ ૪

જિનપતિ શુદ્ધ પારસમણી જેહના, સ્પર્શથી લોહ કાંચન નિપાવે;
કેઈક ભવિ જિનતણા ગુણગણસ્પર્શથી, સર્વ સંસારથી મુક્તિ પાવે. વિમલ૦ ૫

પણ દિસે તેહ પારસ ખરો પ્રસ્તર, પ્રકૃતિજડ ચેતનારહિત જગમાં;
પરમ મંગલ ચિદાત્મા પ્રભુ નિર્મલો, પૂર્ણ ચૈતન્યમય મુક્તિપુરીમાં. વિમલ૦ ૬

નિરુપમ પ્રભુ દિસે અપ્રતિમ જગ વિષે, જેહવી ભક્તિ ભવિચિત્ત રંજે;
સ્વરૂપ સુંદર પ્રભુ અરૂપ નિર્મળ કહ્યા, તેહના ભજકને કો' ન ગંજે. વિમલ૦ ૭

પ્રભુતણી ભક્તિની શીતલ છાયડી, જે લહે અમરપદ તેહ પામે;
ભવદવ તેહને કોઈ પીડે નહીં, શાંતિથી અમૃતરસ મુક્તિધામે. વિમલ૦ ૮

ઓળખે જેહ કોઈ આત્મભાવે તને, વિકૃતિ સંસાર તસ નાશ પામે;
તાર મુજ દીનને તું દયાનિધિ ભલો, અર્પતો નમન બાલેન્દુ ચરણે. વિમલ૦ ૯

કવિ બાલચંદ હીરાચંદ
માલેગામ.

# શ્રી સંવર ભાવના.

એકડાના અંક વિનાના, શૂન્ય સઘળાં વ્યર્થ છે,
તેમ નેત્ર વિના પ્રાણીને, પ્રકાશ સૂર્યનો વ્યર્થ છે;
વૃષ્ટિ વિના કૃષિકારની, કૃષિ નકામી જાય છે,
સમભાવ વિનાનો ઉગ્ર તપ પણ, નિરર્થક મનાય છે. ૧
જેનાવડે સુખ નહીં મળ્યું, તે ધન શું છે કામનું?
જ્યાં જીવને સંતોષ નથી ત્યાં, સુખ જાણો નામનું;
સમાધિ નથી જ્યાં ચિત્તની, ત્યાં સંયમનો જ અભાવ છે,
સંયમ પણ સમકિત વગરનો, સદાય બાહ્ય ભાવ છે. ૨
ઔષધિના ઉપચાર વિણ જેમ, શરીરવ્યાધિ ના ટળે,
ક્ષુધાતુર છે અન્ન વિના ખરે! ક્ષુધા શાંતિ જ શિવ છે;
તૃષા-તુરને જળ વિના જેમ, તૃષા પીડા મટતી નથી,
તેમ કર્મ-રોગોની સરિતા, વિરતિ વિના ઘટતી નથી. ૩
અણુવ્રત અને મહાવ્રત, એ બે ભેદ છે વિરતિતણા,
મહાવ્રતના પાંચે પ્રકારો, મુનિના ધર્મ પ્રમાણવા;
દ્વાદશ પ્રકારે અણુવ્રતરૂપ, શ્રાવક ધર્મ વિચારવો,
પાપ દ્વારો અટકાવવા આ, વિરતિ માર્ગ સ્વીકારવો. ૪
ઘડપણ અને વ્યાધિવડે, જેમ શરીર દુર્બળ થાય છે,
લોભથી પણ કીર્ત્તિનો ખરે! જગમાં નાશ જણાય છે;
પ્રમાદથી તો સર્વ ગુણનો, નાશ નિશ્ચય થાય છે,
પ્રમાદ તજી પુરુષાર્થ કરતાં, સાચું સુખ પમાય છે. ૫
જ્વરતણી વ્યાધિ જતાં, જેમ ક્ષુધા-વૃદ્ધિ થાય છે,
ઉદરતણો મળ દૂર થાતાં, જઠર પીડા સમી જાય છે;
પ્રમાદનો દુર્ગુણ જતાં, ગુણ આત્મનો ઉભરાય છે,
ઉચ્ચ ગુણની પ્રાપ્તિ કરતાં, દુર્બળતા દૂર થાય છે. ૬
કષાય ભાવોજ જીવને, નારક ગતિ લઈ જાય છે,
ઊંચા ભવોના સુખ છેદી, દુઃખ મહાન પમાય છે;
કયારે તજું? આ કષાય સંગને એ વિચારો કરો,
આ આઠમી ભાવનાતણા, અકષાય ભાવોને ગ્રહો. ૭
મન, વચન ને કાયાતણી, અનિત્ય વૃત્તિઓ થાય છે,
આ અશુભ યોગો ઇન્દ્રિયોથી, બહુ રીતે સેવાય છે;
આત્મિક બળનો નાશ કરતી, સર્વ વૃત્તિઓને તજો,
અટકાવીને અશુભ યોગો, શુદ્ધ વૃત્તિઓને તજો. ૮

મગનલાલ મોતીચંદ શાહ-વઢવાણ કેમ્પ

# 'ભોગમીમાંસા'

લેખક—આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

જે માનવી ભોગથી સુખ માને છે તેણે ભોગ શું વસ્તુ છે તેનો સમ્યગ્ બુદ્ધિપૂર્વક પ્રથમ વિચાર કરવાની અત્યંત આવશ્યકતા છે. ભોગના બે અર્થ થાય છે. એક તો વાપરવું અને બીજો સંયોગ. તેમાં વાપરવારૂપ ભોગ બે પ્રકારનો છે. એક તો પોતાની જ વસ્તુ વાપરવી અને બીજો પારકી વસ્તુ વાપરવી. પોતાની વસ્તુ વાપરવારૂપ ભોગ આત્માને માટે સમ્યગ્જ્ઞાનાદિ છે કે જેને આત્મા પ્રત્યેક ક્ષણે વાપરી રહ્યો છે. જ્ઞાન, દર્શન તથા ચારિત્ર આદિ વાપરીને આત્માએ પોતાનું સ્વરૂપ જાળવી રાખ્યું છે. અને જીવન વાપરીને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે. જ્ઞાન–દર્શનાદિ ગુણો છે અને તે આત્માના પોતાના હોવાથી આત્મસ્વરૂપ છે એટલે તેનો ત્રણે કાળમાં વિયોગ થતો નથી. એટલા માટે જ આત્માને તાત્વિક દૃષ્ટિથી સ્વ–સ્વરૂપનો ભોક્તા કહ્યો છે. આત્માને સમ્યગ્જ્ઞાનાદિ પોતાના–ગુણો ભોગવવાને માટે પૌદ્ગલિક કોઇ પણ વસ્તુની જરૂરત પડતી નથી; કારણ કે તાદાત્મ્ય સંબંધથી પોતાની અંદર જ રહેલા પોતાના જ ગુણોને ભોગવવાને માટે ભિન્ન ગુણ–ધર્મવાળા દ્રવ્યની આવશ્યકતા હોય જ નહિ. સાકરને પોતાનું સ્વરૂપ જાળવી રાખવાને માટે મીઠાશ વાપરવા કરીઆતાની જરૂરત પડતી નથી, અગ્નિને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા ઉષ્ણતા વાપરવાને માટે પાણીની આવશ્યકતા હોતી નથી. અર્થાત્ કરીઆતાના સંયોગથી સાકર મીઠી કહેવાય નહિં અને પાણીના સંયોગથી અગ્નિ ઉષ્ણ કહેવાય નહિ; કારણ કે ભિન્ન સ્વરૂપવાળા દ્રવ્યોના ગુણો પણ ભિન્ન હોવાથી કરીઆતાનો ગુણ સાકરની મીઠાશનો અને પાણીનો ગુણ અગ્નિની ઉષ્ણતાનો બાધક છે પણ સાધક નથી. તેવી જ રીતે આત્માને જ્ઞાનાદિ ગુણો વાપરવાને માટે જડદ્રવ્યના સંયોગની જરૂરત નથી, કારણ કે પુદ્ગલ દ્રવ્ય આત્મ દ્રવ્યથી ભિન્ન ગુણધર્મવાળું છે એટલે જ્ઞાનાદિ ગુણો વાપરવાને માટે આત્માને બાધક થાય છે પણ સાધક થઈ શકતું નથી.

આત્મા નિરંતર જ્ઞાનાદિ ગુણોનો ભોક્તા છે એટલે આત્માનો ભોગ પરના સંયોગરૂપ નથી પણ સ્વ–સ્વરૂપ છે. એટલે કોઇ પણ વસ્તુના સંયોગ સિવાય–પછી તે વસ્તુ જડ હોય કે ચૈતન્ય હોય, દ્રવ્ય હોય, ગુણ હોય કે પર્યાય હોય–વસ્તુ માત્રને પોતાના જ્ઞાન ગુણથી જાણવી તે જ આત્માનું ભોગવવાપણું છે. બાકી તો તેનું ભોક્તાપણું તાત્વિક દૃષ્ટિથી જોઇએ તો બીજી કોઈપણ રીતે બની શકતું નથી. આવી જ રીતે દ્રવ્યમાત્ર પોતપોતાના ગુણોને ભોગવે છે અને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે. ભોગ સંબંધને કહેવામાં આવે છે, તે બે પ્રકારે છેઃ એક તાદાત્મ્ય સંબંધ અને બીજો સંયોગ સંબંધ. ગુણ ગુણીનો સ્વરૂપ સંબંધ છે, અર્થાત્ ગુણ પોતપોતાના દ્રવ્યમાં તાદાત્મ્ય સંબંધથી રહે છે અને દ્રવ્યોનો પરસ્પર સંયોગ સંબંધ છે. છએ દ્રવ્ય સંયોગ સંબંધથી ભેગાં મળીને રહે છે છતાં ભિન્ન ગુણ–ધર્મવાળાં હોવાથી એક સ્વરૂપ થઇ જતાં નથી, કારણ કે જે દ્રવ્યમાં જે ગુણ સ્વરૂપ

સંબંધથી રહે છે તે ગુણ તે દ્રવ્ય છોડીને બીજામાં જઇ શકે નહિં કારણ કે ગુણ–ગુણીનો અભેદ સંબંધ હોવાથી એકબીજાથી છૂટા પડી શકતા નથી. જ્યાં ગુણ હોય છે ત્યાં ગુણી અવશ્ય હોય જ છે અને જ્યાં ગુણી હોય છે ત્યાં ગુણ હોય છે. અર્થાત્ બે દ્રવ્યોનો સંયોગ થાય છે ત્યાં એક બીજાનો ગુણ એક બીજામાં જતો નથી છતાં જો બાહ્ય દૃષ્ટિથી જોતાં જણાય તો ત્યાં તે ગુણના દ્રવ્યનો અંશ સૂક્ષ્મપણે રહેલો હોય છે; જેમ કે–દેવતામાં તપાવેલી ઇંટમાં અથવા તો ગરમ પાણીમાં બાળી નાંખે તેવી ઉષ્ણતા જણાય છે પણ દેવતા જણાતો નથી છતાં ઇંટમાં અગ્નિ સૂક્ષ્મપણે રૂપાંતરથી રહેલો છે કે જેને લઇને ઉષ્ણતા જણાય છે. તે સૂક્ષ્મરૂપે રહેલો અગ્નિ જ્યારે નષ્ટ થાય છે ત્યારે ઉષ્ણતા નષ્ટ થવાથી ઇંટ ઠંડી થઇ જાય છે. અમુક વખત સુધી વસ્ત્રોની પેટીમાં કસ્તુરી, કપૂર આદિ સુગંધી વસ્તુ રાખીને કાઢી લેવામાં આવે તો યે પેટીમાં સુગંધી બની રહે છે પણ સુગંધી દ્રવ્ય જણાતું નથી તેથી કરી કાંઇ સુગંધી દ્રવ્યથી છૂટી પડેલી સુગંધ પેટીમાં નથી પણ વસ્ત્રોમાં કસ્તુરી આદિ દ્રવ્ય સૂક્ષ્મપણે પ્રવેશ કરી ગયું છે તેની સુગંધ છે. આવી જ રીતે ભિન્ન ગુણવાળા દ્રવ્યમાં ભિન્ન ગુણમાત્રનું પ્રત્યક્ષ થાય ત્યાં તે ગુણના આધારભૂત દ્રવ્ય પણ અવશ્ય રહેલું જ હોય છે, છતાં સૂક્ષ્મતાને લઇને જણાતું નથી. જો દ્રવ્યથી ગુણ છૂટો પડી ભિન્ન ગુણવાળા દ્રવ્યમાં ભળે તો તે ગુણનો તે દ્રવ્યની સાથે સંયોગ સંબંધ કહી શકાય અને વિયોગ થવાથી પોતાના દ્રવ્યમાં પણ તેનો સંયોગ સંબંધ મનાય. આવી રીતે જો ગુણ–ગુણીનો સંયોગ સંબંધ માનવામાં આવે તો પછી નિશ્ચિત દ્રવ્ય જેવી કોઇ વસ્તુ જ ન રહે, કારણ કે આ અમુક દ્રવ્ય છે એમ નિશ્ચિત કરનાર તેનો અસાધારણ ગુણ હોય છે. જેમકે મીઠાશ ગુણ સાકરને, કડવાશ કરીયાતાને, શીતળતા પાણીને, ઉષ્ણતા અગ્નિને અને ઉપયોગ ગુણ આત્માને નિશ્ચિત જણાવે છે. સંયોગ વિયોગવાળી વસ્તુ તો દ્રવ્ય છે. તેમનો એક બીજાની સાથે સંયોગ–વિયોગ થાય છે પણ ગુણનો તો થઇ શકે જ નહિં. એક ગુણનો બીજા ગુણ સાથે કે કોઇ પણ દ્રવ્યની સાથે સંયોગ સંબંધ થાય જ નહિ. અને જો ગુણોને સંયોગ સંબંધવાળા માનવામાં આવે તો પછી ચેતન, જડ થાય અને અજીવ, જીવ થઇ જાય, સાકર કરીઆતુ અને અગ્નિ પાણી થઇ જાય. આવી જ રીતે જો થાય તો દ્રવ્ય–ગુણની વ્યવસ્થા ન રહેવાથી બધુંય અવ્યવસ્થિત થઇ જાય. સમાન ગુણવાળા અનેક દ્રવ્ય ભેગાં થાય તોયે એક દ્રવ્યનો ગુણ બીજા દ્રવ્યમાં ભળે નહીં પણ જે દ્રવ્યમાં જેટલો ગુણ હોય તેટલો જ તેમાં સ્થિર રહે પણ વૃદ્ધિ–હાનિ થાય નહિં. અનંત સિદ્ધાત્માઓ ભેગા ભળીને રહે છે અને બધાયમાં જ્ઞાન–દર્શનાદિ ગુણ એક સરખા રહેલા છે પણ તે એક સિદ્ધનો ગુણ પોતાના આત્મદ્રવ્યમાંથી છૂટો પડીને બીજા સિદ્ધમાં ભળી શકે નહિ અર્થાત્ ભિન્ન સિદ્ધાત્મા( દ્રવ્ય )ના ગુણ તરીકે કહી શકાય નહિં, છતાં બધાય સિદ્ધોના જ્ઞાનાદિ ગુણ પોતાનું જાણવાનું કાર્ય કરવામાં જુદા પડતા નથી. એક સરખી રીતે એક સાથે જ કરે છે, પણ આત્મા દ્રવ્યની દૃષ્ટિથી તેમાં ભેદ પડે છે. જેમ હજાર દીવા એક સ્થળે મૂકયા હોય તો બધાય દીવાનો પ્રકાશ ભેગો મળીને અજવાળું કરે છે તે પ્રકાશમાં જરાયે ભેદ જણાતો નથી કે આટલો પ્રકાશ અમુક દીવાનો છે અને આટલો

પ્રકાશ અમુકનો. એમ પ્રકાશના વિભાગ પાડી શકાય નહિ પણ ભેગો અભિન્નપણે દેખાતો પ્રકાશ હજાર દિવામાં ભિન્નપણે રહેલો છે. તે જ્યારે એક દીવો ત્યાંથી ઊંચકીને બીજે લઇ જવામાં આવે ત્યાં તેનો પ્રકાશ, પ્રકાશસમૂહમાંથી નિકળી તેની સાથે જાય છે ત્યારે સ્પષ્ટ સમજાય છે કે એક સ્વરૂપ દેખાતો પ્રકાશ હજાર દીવાના સમૂહરૂપ છે. એક શેર વાટેલી સાકરનો ભૂકો પડયો હોય તેના પ્રત્યેક કણમાં મીઠાશ રહેલી હોય છે. તે એક કણની બીજા કણમાં જતી નથી અને જો જાય તો તે કણ ફીક્કો થઇ જાય પણ તેમ થતું નથી; કારણ કે ભૂકામાંથી એક કણ લઇને જીભ ઉપર મૂકીયે તો તે મીઠો લાગે છે. આ ભેગી ભળેલી કણીઆઓની મીઠાશ પરિમિત પાણીમાં નાંખવાથી તેને મીઠું બનાવે છે. ભેગા ભળેલા કણોની મીઠાશમાં બતાવી શકાય નહિં કે આટલી મીઠાશ અમુક કણની અને આટલી અમુકની. તેવી જ રીતે અનંત સિદ્ધાત્માનું જ્ઞાન ભેગું ભળીને એક સરખું કાર્ય કરતું હોય ત્યાં આટલું જ્ઞાન અમુક આત્માનું છે એમ છૂટું પાડી શકાય નહિં. પણ તે દરેક આત્મ દ્રવ્યમાં ભિન્નપણે રહેલું હોય છે, કોઇ પણ આત્માનું જ્ઞાન તેમાંથી નિકળીને બીજા આત્મામાં પ્રવેશ કરી શકે નહિં. દીપકોનો પ્રકાશ કે સાકરની મીઠાશ દીવાઓની સંખ્યા કે સાકરનું પ્રમાણ વધવાથી વધે છે અને ઘટવાથી ઘટે છે. તેમ આત્માઓને માટે હોતું નથી. આત્માઓની સંખ્યા વધવાથી જ્ઞાનમાં કાંઇ પણ વૃદ્ધિ થતી નથી. શુદ્ધાત્માઓના સંયોગની સંખ્યા ગમે તેટલી વધે તોયે જ્ઞાન તો છે એટલું જ રહેવાનું, તેમાં જરાયે વૃદ્ધિ થતી નથી. ઘાતી કર્મ ક્ષય થવાથી જેટલું અને જેવું જ્ઞાન એક આત્માને થાય છે તેટલું અને તેવું જ બીજા આત્માઓને થાય છે. એટલે તે સંપૂર્ણ હોવાથી ઘણા આત્માઓ ભેગા ભળે તોયે જ્ઞાનમાં ન્યૂનાધિકતા થઇ શકતી જ નથી. અને બીજું કારણ એ પણ છે કે અરૂપી દ્રવ્યોના ગુણ પણ અરૂપી જ હોય છે. એટલે શુદ્ધ અરૂપી દ્રવ્યોના ગુણોની હાનિ વૃદ્ધિ થઇ શકતી નથી. જેટલા પ્રમાણમાં ગુણ એક અરૂપી દ્રવ્યમાં હોય છે તેટલા જ પ્રમાણમાં બીજા અરૂપી દ્રવ્યોમાં પણ હોય છે. એટલે એક દ્રવ્ય હોય કે અનેક સદશ દ્રવ્યનો સંયોગ હોય તોયે એક સરખી રીતે જ ગુણો રહેવાના. અને રૂપી દ્રવ્યના ગુણ પણ રૂપી હોવાથી રૂપી દ્રવ્યના સંયોગની ન્યૂનાધિકતાના પ્રમાણમાં ગુણમાં પણ ન્યૂનાધિકતા થવાની જ. સંયોગ અનેક પ્રકારે થાય છે. દ્રવ્યનો દ્રવ્યની સાથે, દ્રવ્યનો ગુણની સાથે, ગુણનો દ્રવ્યની સાથે અને ગુણનો ગુણની સાથે—આ ચાર પ્રકારનો સંયોગ પ્રત્યેક સદશ તથા વિસદશ દ્રવ્ય તથા ગુણનો વિચાર કરતાં અપેક્ષાથી આઠ પ્રકારનો સમજાય છે. વિસદશ દ્રવ્ય તથા વિસદશ ગુણોનો સંયોગ જેમ કે—દૂધ અને પાણી. આ બે વિસદશ દ્રવ્યમાં અસાધારણ ગુણ, વર્ણ તથા રસાદિ ભિન્ન હોવા છતાં પણ પ્રવાહીપણારૂપ સાધારણ ગુણને લઇને બંને એક બીજામાં ઓતપ્રોત થઈ જાય છે. એટલે બંને એક રૂપ દેખાય છે. એમાં જે દ્રવ્યની અધિકતા હોય છે તે સ્પષ્ટ જણાય છે અને ન્યૂન પ્રમાણવાળું દ્રવ્ય જણાતું નથી પણ ભળેલું તો હોય જ છે. મીઠાશ અને ખારાશ અત્યંત ભિન્ન રસાદિવાળા સાકર અને મીઠું બંને વિસદશ દ્રવ્યોનો સંયોગ થાય છે ત્યારે સ્વાદમાં વિચિત્રતા જણાય છે છતાં શ્વેત વર્ણમાં સરખાપણું હોવાથી ભેગાં ભળેલાં ભિન્ન જણાતાં

નથી, એક સ્વરૂપે જણાય છે. તે જીભ ઉપર મૂકવાથી બન્ને દ્રવ્ય જુદા હોવાથી તેની ભિન્નતા ઓળખાય છે.

સદૃશ ગુણ–ધર્મવાળાં દ્રવ્યો જેવાં કે–શુદ્ધાત્માઓ ભેગા ભળેલા એક રૂપે દેખાય છે, તેમના ગુણ ધર્મ સદૃશ હોવાથી અર્થાત્ અરૂપી અને જ્ઞાનાદિ ગુણ એક સરખા હોવાથી સર્વજ્ઞો સિવાય તેમની ભિન્નતા કોઇ પણ જાણી શકે નહિ; કારણ કે શુદ્ધાત્માને કોઇ પણ ઇંદ્રિય ગ્રહણ કરી શકતી નથી. એટલે અલ્પજ્ઞો જાણી શકતા નથી. પણ સાકર આદિ રૂપી દ્રવ્ય ભેગાં ભળ્યાં હોય તો જીભ આદિ ઇંદ્રિયોથી તેમની મીઠાશ આદિની ન્યૂનાધિકતાને લઇને જાણી શકાય છે, કે ઘણાં દ્રવ્ય ભેગાં ભળ્યાં છે કે ન્યૂન છે. તેવી જ રીતે વિસદૃશ દ્રવ્યોનો; જેમકે સાકર ને કરીઆતું અથવા મીઠું, એમના સંયોગોને ઇંદ્રિયદ્વારા અલ્પજ્ઞ માણસ પણ જાણી શકે છે. આ પ્રમાણે રૂપી દ્રવ્ય માત્રનો સંયોગ ઇંદ્રિયથી જાણી શકાય છે. કેટલીક વસ્તુઓમાં ગુણ પ્રત્યક્ષ થાય છે અને દ્રવ્ય અપ્રત્યક્ષપણે ગૌણ રહે છે. જેમકે–ગરમ કરેલી ઇંટ તથા પાણી. સુગંધી વસ્તુથી વાસિત વસ્ત્ર વિગેરે. આ બધાયમાં ગુણનો ભિન્ન દ્રવ્યની સાથે સંયોગ પ્રત્યક્ષ છે અને તે ગુણ જે દ્રવ્યમાં સ્વરૂપસંબંધથી રહે છે તેનો ભિન્ન દ્રવ્યની સાથે સંયોગ અપ્રત્યક્ષ છે. મીઠાશ, ખારાશ, ઉષ્ણતા આદિ રૂપી ગુણોનું ભેગા ભળવું અને જ્ઞાનાદિ અરૂપી ગુણોનું ભેગા ભળવું તે એક અપેક્ષાથી ગુણોનો સંયોગ કહી શકાય. જો કે બે દ્રવ્યના સંયોગથી જ બંને દ્રવ્યોના ગુણ ભેગા ભળ્યા છે છતાં એક દ્રવ્ય સૂક્ષ્મપણે રહેલું હોવાથી અપ્રત્યક્ષ છે અને એક દ્રવ્ય પ્રત્યક્ષ છે એ અપેક્ષાથી જ ગુણોનો સંયોગ કહી શકાય. પણ દ્રવ્યોના સંયોગ વગર કેવળ ગુણોનો સંયોગ થઇ શકતો જ નથી. દ્રવ્યો એક સ્વરૂપમાં હોઇને ભિન્ન હોય ( આત્મદ્રવ્ય ) અને ગુણો ( જ્ઞાનાદિ ) એક સ્વરૂપવાળા અને અભિન્ન સ્વભાવવાળા હોય તે સમાન દ્રવ્યોના સંયોગમાં કે જ્યાં ગુણ અભિન્ન જણાય અને દ્રવ્ય ભિન્ન જણાય ત્યાં ગુણોનો સંયોગ કહેવાય અને જ્યાં ભિન્ન ગુણ હોય તથા દ્રવ્ય પણ ભિન્નસ્વરૂપ તથા સ્વભાવવાળું હોય તેવા બે દ્રવ્યના સંયોગમાં ગુણ જણાય પણ દ્રવ્ય ન જણાય ત્યાં ગુણનો દ્રવ્યની સાથે અથવા તો દ્રવ્યનો ગુણની સાથે સંયોગ કહી શકાય, જેમ કે ઉપર બતાવ્યા પ્રમાણે ગરમ પાણી, સુગંધી વસ્ત્ર વિગેરે. જો કે ઇંદ્રિયો રૂપી ગુણને ગ્રહણ કરે છે પણ દ્રવ્યનો સાક્ષાત્કાર કરી શકતી નથી છતાં ગુણ ને ગુણી અભિન્ન હોવાથી ગુણના સાક્ષત્કારની સાથે દ્રવ્યનો પણ સાક્ષાત્કાર કરે છે અર્થાત્ ગુણદ્વારા ગુણીને જાણી શકે છે.

આત્માને પોતાનો જ્ઞાન ગુણ ભોગવવાને બીજા દ્રવ્યોની અનાવશ્યકતા જણાવી તે ગુણ–ગુણીના અભેદ સંબંધને લઇને જ છે અર્થાત્ જ્ઞાનદ્વારા આત્મા જે જાણે છે તે જ્ઞાન ભિન્ન વસ્તુઓની સાથે કોઇ પણ સંબંધથી જોડાઇને આત્માને જણાવતું નથી પણ આત્માના અવગાહિત ક્ષેત્રમાં રહીને–આત્મપ્રદેશોમાં અભિન્નપણે રહીને વસ્તુ માત્રને જણાવે છે. જો જ્ઞાન વસ્તુની સાથે સંબંધિત થઇને–જોડાઇને આત્માને જણાવવાના સ્વભાવવાળું હોય તો પછી સ્વરૂપસંબંધવાળા આત્માનો પણ વસ્તુ માત્રની સાથે સંબંધ થવાથી આત્મા સર્વવ્યાપી થઇ જાય, પણ તે ઇષ્ટ નથી, કારણ કે સર્વજ્ઞોને અલોકાકાશનો પણ

તાર્કિક યુક્તિઓવાળી શ્રી યશોવિજયજી
મહારાજે રચેલી શ્રી વીરપરમાત્માની સ્તુતિ

# न्यायखण्डखाद्यम्

( ૮ )

લેખક–શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી. B. A. LL. B.

( ગતાંક પૃષ્ઠ ૩૭ થી શરૂ )

**सम्बन्ध एव समवायहतेर्न जाति–व्यक्त्योरभेदविरहेऽपि च धर्मिक्लृप्तौ ।**
**स्याद्गौरवं ह्यनुगतव्यवहारपक्षे–ऽन्योन्याश्रयोऽनुगतजातिनिमित्तके च ॥२१॥**

**શ્લોકાર્થ:**—સમવાય સંબંધનો નિરાસ થતાં, જાતિ અને વ્યક્તિનો અભેદ નથી એવી માન્યતામાં જાતિ અને વ્યકિત વચ્ચે કાંઇ સંબંધ રહેતો નથી; જાતિને ધર્મી માનવામાં ગૌરવ થાય છે. જાતિ જાતિ એવી બુદ્ધિના નિમિત્તભૂત અનુગત વ્યવહાર પક્ષમાં અન્યોન્યાશ્રય દોષ આવે છે.

**ભાવાર્થ:**—જૈન દર્શન પ્રમાણે બે પદાર્થો ત્યારે જ ભિન્ન માની શકાય કે જ્યારે કાં તો બંને વચ્ચે સંયોગ સંબંધ જ હોઇ શકે, જેમ ભૂતલ અને ઘટ; અને કાં તો બંને વચ્ચે અત્યન્ત અપ્રાપ્તિ જ હોય જેમ કે હિમાચળ અને વિંધ્યાચળ. આ સ્થિતિ સિવાયની કોઇ પણ વસ્તુઓ હોય તે અભેદબુદ્ધિ ઉત્પન્ન કરનાર જ હોવી જોઇએ.

ગ્રંથકાર મહારાજ કહે છે કે જાતિ અને વ્યક્તિનો અભેદ ન માનો તો જાતિ વ્યકિત સાથે સંબંધ રાખે છે તેવી બુદ્ધિ જે ઉત્પન્ન થાય છે તે કાં તો મિથ્યા હોવી જોઇએ અથવા જાતિ વ્યક્તિનો અભેદ માનવો જોઇએ. જાતિ વ્યક્તિ

---

સાક્ષાત્કાર થાય છે એટલે અલોકમાં પણ આત્મ દ્રવ્ય રહેવાનો પ્રસંગ આવે, પરંતુ ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય દ્રવ્યો ( કે જેની સહાયતા વગર હાલીચાલી શકાય નહિં તેમજ સ્થિર રહી શકાય નહિં ) અલોકમાં ન હોવાથી ત્યાં જીવ તથા પુદ્ગલ દ્રવ્યનું જવું અને રહેવું બની શકે નહિં. તેમજ જ્ઞાન અરૂપી હોવાથી સૂર્યના કિરણોની જેમ પરિમિત ક્ષેત્રમાં રહેલા આત્મામાંથી નીકળીને બહારની વસ્તુઓની સાથે સંબંધિત થાય તો આત્મા અનાત્મા થઇ જાય અને જે વસ્તુઓમાં જ્ઞાન પ્રવેશ કરે તે બધીયે આત્મસ્વરૂપ થઇ જાય માટે આત્માના અંદર અભિન્નપણે રહીને જ જ્ઞાન વસ્તુ માત્રનો બોધ કરાવે છે, જેથી આત્માને જ્ઞાન ગુણ વાપરવાને વસ્તુ માત્રનો જ્ઞેય તરીકે ઉપયોગ કરવો પડે છે એટલે આત્મા પરવસ્તુઓનો ભોક્તા માત્ર જ્ઞાતા તરીકે જ બની શકે છે. —(ચાલુ)

સાથે સંબદ્ધા છે એવી બુદ્ધિ તો સર્વવિશિષ્ટ જન સાધારણ હોવાથી અને તેનો કોઈ પણ કાળે બાધ થતો ન હોવાથી તેને મિથ્યા કે ભ્રમાત્મક માની શકાય નહિ, માટે જાતિ અને વ્યકિત વચ્ચે અભેદ માનવો જોઈએ.

વ્યકિતથી જાતિને જૂદી સિદ્ધ કરનારાઓ એવો હેતુ આપે છે કે જાતિ વ્યકિતનો અભેદ માનીએ તો જાતિમાં જે જાતિત્વ ધર્મને આશ્રયીને ધર્મીપણું છે તે ટકતું નથી. ગ્રંથકાર મહારાજ કહે છે કે જાતિમાં જાતિત્વ ધર્મ માનવો અને તે અપેક્ષાએ જાતિને ધર્મી બનાવવી તેનાથી કાંઇ અર્થસિદ્ધિ થતી નથી; વ્યર્થ બુદ્ધિગૌરવ છે. જો એવા ગૌરવને ચલાવી લેવામાં આવે તો જાતિત્વમાં જાતિત્વત્વ નામનો ધર્મ માની જાતિત્વને પણ ધર્મ તરીકે ભિન્ન માનવી જોઇએ, એમ માનતાં અનવસ્થા આવે.

જાતિની સિદ્ધિ માટે તમે આ ઘટ ઘટ એવો અનુગત વ્યવહાર માનો, અને અનુગત વ્યવહારની સિદ્ધિ માટે જાતિ માનો તેમાં અન્યોન્યાશ્રય દોષ આવે છે.

**जातेर्हि वृत्तिनियमो गदितः स्वभावा–ज्जातिं विना न च ततो व्यवहारसिद्धिः ।**
**उत्प्रेक्षितं ननु शिरोमणिकाणदृष्टे–स्त्वद्वाक्यबोधरहितस्य न किञ्चिदेव ॥२२॥**

**શ્લોકાર્થ**:—તે તે જાતિ તે તે વ્યક્તિને વિશે સ્વભાવથી રહે છે અને જાતિ વિના વ્યવહારની સિદ્ધિ થતી નથી એવું આપના સ્યાદ્વાદના બોધ વિનાના શિરોમણિ કાણદૃષ્ટે જે કહ્યું છે તે કાંઇ વજુદવાળું નથી અર્થાત્ અયથાર્થ છે.

**ભાવાર્થ**:—ગોત્વજાતિ, અશ્વત્વજાતિ વિગેરે સ્વતંત્ર સામાન્ય વિશેષને આશ્રયીને રહે છે તેમ માનવા કરતાં વસ્તુના સ્વભાવમાં જ સામાન્ય વિશેષાત્મકતા રહે છે એ માનવું લાઘવ છે. જુદી જુદી ગાયોમાં જે સમાનતા–ગોત્વ જોવામાં આવે છે, તે ગોત્વમાં રહેલ સામાન્યતાને લીધે છે એમ માનવા કરતાં ગાયોમાં રહેલ સામાન્યતાને લીધે છે એમ માનવામાં લાઘવતા છે.

**भेदग्रहस्य हननाय य एव दोषः, प्रोक्तः परैस्तव मते ननु सोऽप्यभेदः ।**
**त्वदृष्टवस्तुनि न मोघमनन्तभेदा–भेदादिशक्तिशबले किमु दोषजालम् ॥२३॥**

**શ્લોકાર્થ**:—જાતિ અને વ્યક્તિ વચ્ચે ભેદજ્ઞાન કેમ થતું નથી? તે પ્રશ્નનું સમાધાન કરતાં નૈયાયિકો અનન્યદેશત્વરૂપ પ્રતિબંધક દોષ છે એવું જે કહે છે, તે જ આપના મતમાં હે ભગવન્! અભેદ છે. આપે પ્રરૂપેલ અનંત ભેદ અભેદ આદિ શકિતથી સંમિશ્રિત વસ્તુમાં દોષજાળ બતાવવો તે શું વ્યર્થ નથી?

**ભાવાર્થ**:—નૈયાયિકો જાતિથી વ્યકિતને ભિન્ન માને છે. જો વ્યકિત જાતિનો ભેદ હોય તો તે ભેદ કેમ દેખાતો નથી એવા પ્રશ્નના જવાબમાં નૈયાયિકો કહે છે કે જાતિ અને વ્યકિત એક જ દેશમાં રહેલા છે તેથી અનન્યદેશત્વરૂપ દોષ (hindrance) બંનેનો ભેદ ગ્રહણ કરવામાં આડો આવે છે. ગ્રંથકાર મહારાજ

કહે છે કે-જાતિ અને વ્યકિત વચ્ચે અભેદ છે માટે વિભકતતા દેખાતી નથી. જાતિ અને વ્યકિત વચ્ચે અસાધારણ ધર્મોની અપેક્ષાએ ભેદ છે અને અનન્યદેશત્વ-એક દેશમાં રહેવાના કારણે અભેદ છે. એટલે સ્યાદ્‌વાદ જ આવીને ઊભો રહે છે. ભગવાને પ્રરૂપેલ વસ્તુ ભેદાભેદઆત્મક (a complex of unity in difference) છે એટલે તેમાં દોષો આવવા અવકાશ નથી.

**एवं त्वभिन्नमथभिन्नमसच्च सच्च, व्यक्त्यात्मजातिरचनावदनित्यनित्यम् ।**
**बाह्यं तथाऽखिलमपि स्थितमन्तरङ्गं, नैरात्म्यतस्तु न भयं भवदाश्रितानाम् ॥३४॥**

**શ્લોકાર્થ**:—જેવી રીતે બાહ્ય પદાર્થો અભિન્ન છે ભિન્ન છે, અસત્ છે સત્ છે, વ્યકિત જાતિ ઉભય આત્મક છે, અનિત્ય છે, નિત્ય છે, તેવી રીતે અંતરંગ (internal) વસ્તુ પણ અભિન્ન ભિન્ન અસત્ સત્ આદિ સ્વરૂપવાળી છે; માટે હે ભગવન્! તારા દર્શનને આશ્રય કરનારાઓને નૈરાત્મ્યને ભય નથી.

**ભાવાર્થ**:—જેમ બાહ્યજગત્(external world)માં એકાન્ત ક્ષણિકવાદનો અવકાશ નથી, તેવી રીતે અંતરંગ જગત્(internal world)માં ક્ષણિકવાદનો અવકાશ નથી. બાહ્ય અને અંતરંગ વસ્તુનું સ્વરૂપ એકાંત નિત્ય કે અનિત્ય નથી, પણ સ્યાદ્‌વાદ પ્રમાણે નિત્યાનિત્ય છે. આવા વસ્તુના સ્વરૂપમાં, આવા આત્મતત્વના સ્વરૂપમાં નૈરાત્મ્યવાદ-આત્માના ક્ષણિકવાદનો અવકાશ નથી. ગ્રંથકાર ઉપસંહાર કરી યાદ કરાવે છે કે **नैरात्म्यदृष्टिरिह साधनमाहु एके सिद्धे-** (શ્લો. ૩) એવી રીતે જે કથાવાદ (thesis) શરૂ કરવામાં આવેલ છે. તેની આ રીતે પૂર્ણાહુતિ થાય છે.

**નોટ**—સામાન્ય એટલે generality અને વિશેષ એટલે particularity. ન્યાય-વૈશેષિક દર્શનમાં દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવ એમ સાત પદાર્થ-તત્ત્વો માનવામાં આવે છે. દરેક તત્વ(category)ને સ્વતંત્ર માનવામાં આવે છે. એટલે જુદા જુદા ઘડા જોવાથી આ ઘટ છે, આ ઘટ છે એવી જે એકાકાર પ્રતીતિ થાય છે તેનું કારણ જુદા જુદા ઘડા સાથે રહેલ ઘટત્વ જાતિને આશ્રયીને છે. આ જાતિ એક સ્વતંત્ર તત્ત્વ છે કે ફકત મિથ્યાજ્ઞાન છે કે વસ્તુમાં રહેલ એક ધર્મમાત્ર છે તે સંબંધમાં જુદા જુદા દર્શનકારોમાં મતભેદ છે. બૌદ્ધદર્શનમાં સામાન્ય કે જાતિને માનવામાં આવતાં નથી, કારણ તેઓ દરેક વસ્તુને ક્ષણિક માને છે એટલે વસ્તુમાં અનુસ્યુત રહેલ જાતિને તેઓ માને તો તેમના ક્ષણિકવાદને બાધ આવે છે. તેઓનું કહેવું એવું છે કે જુદા જુદા ઘટોમાં આ ઘટ છે, આ ઘટ છે એવી જે એકાકાર પ્રતીતિ થાય છે તે વસ્તુના નામને આશ્રયીને છે. આપણે અમુક આકારની વસ્તુને ઘટ એવું નામ આપીએ છીએ એટલે તે નામથી વાચ્ય જુદા જુદા ઘડા જોતાં એકાકાર પ્રતીતિ થાય છે. આ દેખાતી એકાકારતા વસ્તુતઃ નથી પણ મને કલ્પેલ મિથ્યા વિકલ્પ છે. અને

ફક્ત નામને આશ્રયીને છે. પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનમાં આવી માન્યતાવાળાને nominalist નામવાદી કહેવામાં આવે છે.

જૈનદર્શન અને અદ્વૈતવેદાન્ત દર્શનમાં સામાન્ય અર્થાત્ જાતિને એક સ્વતંત્ર તત્ત્વ માનવામાં આવતું નથી, પણ વસ્તુનો એકધર્મ માનવામાં આવે છે, વસ્તુથી ભિન્ન તત્ત્વ માનવામાં આવતું નથી, પણ જુદી જુદી વ્યક્તિઓમાં જે સમાનતા રહેલ છે તેને આશ્રયીને સામાન્યપણાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે, અર્થાત વ્યક્તિથી જાતિ ભિન્ન નથી, પણ સમાન સત્તાવાળી છે. ( identical in point of existence ) જાતિ અને વ્યક્તિ વચ્ચે તાદાત્મ્ય સંબંધ છે. નૈયાયિકો માને છે તેમ જાતિ અને વ્યક્તિ ભિન્ન હોઈ સમવાય સંબંધથી જોડાયેલ નથી. બૌદ્ધો માને છે તેમ સામાન્ય એક મને કલ્પિત તત્ત્વ નથી, નૈયાયિકો કહે છે તેમ એક સ્વતંત્ર તત્ત્વ નથી પણ વસ્તુનો એક ધર્મ (aspect) છે, જેમ વિશેષ પણ વસ્તુનો એક ધર્મ છે. પાશ્ચાત્ય તત્ત્વવેત્તાઓ આ માન્યતાને conceptualistic view કહે છે. નૈયાયિકો સામાન્ય અને વિશેષને જેમ સ્વતંત્ર પદાર્થો–તત્ત્વો (categories) માને છે. એક વર્ગની દરેક વ્યક્તિઓમાં સામાન્ય રહેલ છે, અને તે સામાન્ય તત્ત્વને આશ્રયીનેજ જુદી જુદી વ્યક્તિઓ એક વર્ગમાં આવે છે. જુદા જુદા ઘડાઓમાં ઘટત્વ છે માટે જુદા જુદા ઘડાઓ ઘટ ઘટ એમ કહેવાય છે. જુદા જુદા ઘડાઓ નાશ પામે છે છતાં સામાન્યતત્ત્વ–ઘટત્વ કાયમ રહે છે. કેટલાક પાશ્ચાત્ય તત્ત્વવેત્તાઓ પણ આ વિચારશ્રેણિવાળા જોવામાં આવે છે. નૈયાયિકોની જેમ તેઓ પણ સામાન્યને એક સ્વતંત્ર તત્ત્વ માને છે અને ક્ષેત્ર કાળની મર્યાદાથી પર સત્તાવાળું માને છે. આ માન્યતાને realistic point of view વાસ્તવવાદદૃષ્ટિ કહેવામાં આવે છે.

ખંડખાદ્યના આ બીજા વિભાગમાં ઉપાધ્યાય મહારાજે જૈન દૃષ્ટિએ સામાન્ય-જાતિની પ્રરૂપણા કરી બૌદ્ધો અને નૈયાયિકોની માન્યતા કયે કયે અંશે અયથાર્થ છે, અને જૈન દૃષ્ટિ કેવી રીતે યથાર્થ છે તે યુક્તિથી બતાવેલ છે.

ગ્રંથકાર મહારાજે ખંડખાદ્યના બીજા વિભાગમાં બૌદ્ધોના આત્મતત્ત્વના ક્ષણિકવાદની સામે પ્રત્યભિજ્ઞાનથી આત્મતત્ત્વનું સ્થિરત્વ સાબિત કરેલ છે. તે સાથે નૈયાયિકોના સામાન્ય વિશેષ એવા બે સ્વતંત્ર તત્ત્વોનો નિરાસ પણ કર્યો છે. અને સ્યાદ્વાદ દૃષ્ટિએ જૈન દર્શનના નિત્યાનિત્યવાદની સિદ્ધિ કરી આત્મતત્ત્વના એકાંત અનિત્યત્વ–ક્ષણિકત્વની બૌદ્ધોની માન્યતા અયથાર્થ ઠરાવેલ છે.

# सुभाषितरत्नमंजूषा

**प्रारंभगुर्वी क्षयिणी क्रमेण, लघ्वी पुरा वृद्धिमतीश्च पश्चात् ।**
**दिनस्य पूर्वार्धे परार्धभिन्ना, छायैव मैत्री खलसज्जनानां ॥ १ ॥**

**અર્થ**:—દિવસની પૂર્વાર્ધ ને અપરાર્ધની છાયા જેવી ખળ ને સજ્જનની મૈત્રી હોય છે. ખળની મૈત્રી પ્રારંભમાં મોટી હોય છે પરંતુ તે ક્રમે ક્રમે ઘટતી જાય છે અને સજ્જન પુરુષની મૈત્રી પ્રારંભમાં નાની હોય છે પણ તે ક્રમે ક્રમે વધતી જાય છે.

દિવસમાં પોતાના દેહના જમીન પર પડતા પડછાયાનો જેને અનુભવ હશે તે જોઇ શકયા હશે કે પ્રભાતે શરીરનો પડછાયો ઘણો મોટો–લાંબો હોય છે ને તે ઘટતો ઘટતો મધ્યાહ્ને પગમાં સમાઇ જાય છે અને બપોરનો પડછાયો તદ્દન ઓછો હોય છે પરંતુ સાંજે ઘણો લાંબો થઈ જાય છે. ખળ ને સજ્જન પુરુષની મૈત્રીને પંડિતોએ દેહની આ છાયાની ઉપમા આપી છે. ખલની મૈત્રી સ્વાર્થી હોય છે. તે સ્વાર્થ સરે ત્યાં સુધી ટકે છે, પછી ઘટી જાય છે, અને તદ્દન નાશ પામી જાય છે. સજ્જનની મૈત્રી પરસ્પરનું હિત કરનારી હોય છે. તે દિનપરદિન વધતી જ જાય છે. તે જેમ બને તેમ પરસ્પરનું હિત જ ઇચ્છે છે. એ હિતમાં બાહ્ય હિત કરતાં આભ્યંતર હિતનો વિશેષ સમાસ હોય છે. તે પરસ્પરના આત્માનું હિત ઇચ્છનાર હોય છે. તે પોતાના સંબંધમાં આવનાર નીતિવાન્ કેમ થાય, અનીતિનાં કે પાપનાં કાર્યોથી દૂર કેમ રહે, સદાચરણી કેમ બને, શીલ ને ક્ષમાનું મહત્ત્વ કેમ સમજે, જિનપૂજાદિ ધર્મક્રિયામાં રત કેમ બને, ધર્મની સાચી ધગશવાળો કેમ બને તે જ ઇચ્છે છે અને તેને માટે નિરંતર પ્રયત્ન કર્યા કરે છે.

સજ્જનોની વાણીમાં મીઠાશ હોય છે. કટુ શબ્દ તો તેમાં હોતો જ નથી. તેનામાં સભ્યતા હોય છે. અસભ્યપણું તો તેને કદી રુચતું જ નથી. તે પારકી નિંદા કરતા જ નથી. પોતામાં કોઇ દુર્ગુણ અલ્પાંશે પણ હોય તો તેની નિંદા કરે છે. અન્યમાં નાનો સરખો પણ વાસ્તવિક ગુણ હોય તો તેને જોઇને તે રાજી થાય છે ને તેની પ્રશંસા કરે છે. સજ્જન સ્વમુખે તો આત્મપ્રશંસા કરતા નથી પણ બીજા પ્રશંસા કરે તે સાંભળવા ઇચ્છતા પણ નથી. ધન્ય છે એવા સજ્જન પુરુષને ! આવા પુરુષોના વાસથી જ પૃથ્વી **बहुरत्ना वसुंधरा** કહેવાય છે. આ નાનકડા સુભાષિત પરથી ખલની મૈત્રી છોડી સજ્જન–સમાગમ કરવો તે હિતાવહ છે.

સ્વ. કુંવરજીભાઇ

卐

## અધ્યાત્મ–શ્રીપાલ ચરિત્ર
( ૩ )

**પ્રસંગ ૪ થો**

પુત્રી મયણા ! તારા છેલ્લા ઉત્તરથી હું તદ્દન નિરાશ થયો છું. શરૂઆતમાં તમો બન્ને પુત્રીઓએ અધ્યયન સંબંધી જે દક્ષતા ને તેજસ્વિતા દાખવી એથી મારું હૃદય નાચી ઊઠયું હતું. એમાં તનયા સુરસુંદરીએ જયારે કહ્યું કે—આપના પ્રતાપે જ આ સર્વ પ્રાપ્ત થયું છે ત્યારે હું મારી જાતને પરમ સુખી માનતો હતો પણ એ પછી તારો 'આપકર્મી' હોવાનો ધડાકો થયો અને એ સાથે જ મારા આનંદનો કિલ્લો એકાએક ધરાશાયી થયો. પાળી પોષી મોટી કરનાર, રાજ-કુમાર સમ લાડ લડાવી આ પ્રકારે શિક્ષિત બનાવનાર, તારા અભ્યાસ પાછળ પાણી માફક ધન ખરચનાર–પિતા તારા સરખી ચતુર કુંવરી પાસેથી આવા જવાબની આશા ન જ રાખે.

પિતાશ્રી ! લોહીનો સંબંધ અને જ્ઞાનપ્રાપ્તિ એ જુદી ચીજો છે. એવી જ રીતે વહેવાર, મર્યાદા અને આત્મશ્રેય પણ જુદા જ વિષયો છે. સાચા જ્ઞાનથી અલંકૃત થયેલ આત્મા હાજી હા કરવામાં તૈયાર ન જ હોય. ભગિની સુરસુંદરીને જે જ્ઞાન પ્રાપ્ત થયું છે એના જોરે કદાચ એ આપશ્રીને સર્વ બાબ-તમાં કર્ત્તાહર્તા કે સુખદાતા ભલે માને પણ મારાથી એ આંધળી શ્રદ્ધા પાછળ દોડાય તેમ નથી જ. મારા અધ્યાપકે મને અર્હત્ દર્શનના ઉમદા તત્ત્વોનું પાન કરાવ્યું છે એનો મુખ્ય ધ્વનિ તો એ છે કે દરેક આત્મા–ચાહે તો તે નર રૂપે હોય કિંવા નારીના અવતારમાં હોય અગર તો તે પશુયોનિમાં ફરતો હોય વા પક્ષીરૂપે આકાશમાં ઉડ્ડુયન કરતો હોય–પોતાના પૂર્વકૃત શુભ–અશુભ કર્મોના ફળ ભોગવી રહેલા હોય છે. એ વેળા માતા–પિતાની સ્હાય કે અન્ય પ્રકારની સાનુ-કૂળતા કિંવા પ્રતિકૂળતા એ તો નિમિત્ત માત્ર છે.

મુરબ્બી, આપને કદાચ અત્યારના સંયોગોમાં આ નિતરું સત્ય ન પણ સમ-જાય અથવા 'સાગરનું પાણી મીઠું છે તો હાજી હા' કરનાર પુત્રી વાત આગળ તદ્દન ઉદ્વેગજનક પણ જણાય, અગર સત્તાના સિંહાસન પર બિરાજનાર અને એકછત્રી આણા પ્રવર્તાવનાર સામે બળવારૂપે અનુભવાય, છતાં એ ટંકશાળી છે.

પ્રજાપાળ–કુંવરી, નાના મ્હોડે આવી તત્ત્વજ્ઞાનની વાતો ન કર. મારા સહકાર અને સાનિધ્ય વિના તું આટલી હદે ન જ પહોંચી શકત. રઝળતી ને ભીખી પેટ ભરતી બાળાઓ સમ કયાંયે અંધારા ખૂણામાં અટવાઈ જાત. રાજવી તરીકે હું ચાહે તે કરવા સમર્થ છું. મારી નજરના પલ્ટા પર જ્યાં માળવ દેશની પ્રજાના કલ્યાણ ને કષ્ટ તોલાઇ રહ્યાં છે ત્યાં ત્હારા સરખી બાળાનો આ ગર્વ ન જ ટકી શકે !

હજુ સમજી જા. પિતાનું સભા સમક્ષ અપમાન ન કર. 'આપકર્મી' નો હઠ છોડી દઈ બાપકર્મી બની જા તો સુરસુંદરી માફક સુખ સામે જ ઊભું છે.

વડિલ, અવિનય થતો હોય તો પ્રથમથી જ ક્ષમા માંગું છું, પણ મારો વિચાર અફર અને અફર જ રહેવાનો છે. સિદ્ધાન્તનો અપલાપ ન જ થાય, સત્ય તો મોડું મોડું પણ છાપરે ચઢીને બોલવાનું જ છે. જે તગદીરમાં હશે તેમાં જરા પણ મીનમેખ થનાર નથી. આપની આજ્ઞાંકિત દીકરી તરીકે હું એ પણ નિભાવી લઇશ.

× × ×

**પ્રસંગ ૫ મો.**

રાજકુંવરી, મારાથી આઘી રહેજે, નહિ તો આ કારમો કોઢ રોગ તારી કંચનવર્ણી કાયાને ભરખી જશે, ત્હારા પિતાએ ગુસ્સાના આવેગમાં ભાન ભૂલી મારા સરખા રખડતા કોઢીઆના પલ્લે તને બાંધી તેથી તારે મારી સાથે રહેવું ને જીવતર વ્યર્થ કરવું એમ નથી જ. હું રાજી થઇને જણાવું છું કે–ત્હારા મનપસંદ વરને મેળવી તું સુખી થા. મારા પાતિની તને એમાં જરા પણ નડતર થવાની નથી.

ઉંબર રાણા તરીકે ઓળખાતા શ્રીપાળના આ વચનો સાંભળતાં કાને હાથ દેતી મયણા એકાએક બોલી ઊઠી–નાથ ! તમો આ શું બોલી રહ્યા છો ? એક હરફ પણ વધુ ન બોલશો. ગાંડો ઘેલો કે રોગી ગમે તે હોય પણ જેના હાથમાં મારા પિતાએ મારો હાથ મૂકયો છે એ જ મારો પતિ. એ સિવાયના અન્ય તો બાપ કે ભાઇ સમાન. ધર્મનું હાર્દ સમજનારી ને શિયલવ્રતને પ્રાણથી અધિક ગણનારી હું બીજો કંઇ વિચાર કરી શકું જ નહીં. મારે મન તમો સર્વ ગુણસંપન્ન ને સોભાગી છો.

રાજકુંવરી ! ત્હારી વાત સતીને શોભે તેવી છે. પતિવ્રતાનો એ ધર્મ શાસ્ત્રવેત્તાઓએ અને નીતિકારોએ વર્ણવ્યો પણ છે. પણ અહીં એ આગળ આણી ખીલતી કાયાને, પાંગરતી યુવાનીને, ઉલ્લાસથી ઉભરાતાં મનને, અકાળે કરમાવવાની, ચીમળાવી નાંખવાની કે દબાવી દેવાની જરૂર એટલા માટે નથી કે ખરી રીતે આપણા લગ્ન જ આ ન કહેવાય. ગુસ્સામાં આવી એકાદ તરંગવશ થઇ વડિલ આગળ પાછળનો વિચાર કર્યા વગર પોતાની તનયાનો હાથ ગમે તેવા કુષ્ટિના હાથમાં દઇ દે; અરે ઉભયમાં કુળ, શીલ, વિદ્યા, વપુસ્થિતિ આદિ ગુણો જે જુવે પણ નહીં એ વિધિથી ધર્મનીતિએ લગ્ન કેમ ગણાય ?

સ્વામીનાથ ! આવી કર્ણકટુ દલીલોમાં ઉતરવા હું માંગતી જ નથી. પંચની સાખે જે ક્રિયા થઇ છે એ મારા માટે વજ્રબંધ જેવી છે, ભલેને એથી જિંદગીનો સર્વનાશ સંભવે. મારા નસિબમાં સુખ હશે તો તમારી કાયા કેમ નહીં નીરોગી થાય ? પુરુષના ભાગ્ય આડું પાંદડું કહેવાય છે એ ઉક્તિ કાં ભૂલો છો ?

× × ×

**પ્રસંગ ૬ ઠ્ઠો—**

કાં રાજકુમારી આજે આમ અટુલા દેખાવ છો ? વળી સાથમાં આ રોગ-ગ્રસ્ત વ્યક્તિ કોણ છે ? કેમ કોઇ અનુચર કે દાસી સાથમાં નથી લાવ્યા ?

પૂજ્ય ગુરુદેવ એમાં જ વિધિના રાહ સમાયા છે. આ મારા પતિદેવ છે. એમનો આ કોઢ રોગ જન્મનો નથી પણ સંસર્ગને આભારી છે. એ પછી રાજ-કુમારીએ લગ્નવૃત્તાંત ટૂંકમાં કહ્યો.

આચાર્ય મહારાજ ! મને વધુ દુઃખ તો એથી લાગે છે કે અણુસમજુ જનતા મારા 'આપકર્મી' ઉત્તર પાછળનો આશય સમજ્યા વગર એને આગળ ધરી જૈન ધર્મની નિંદા કરે છે ! આત્મશક્તિના અનેરા તેજ અને પુદ્ગલ એવા કર્મના વિવિધ વિલાસ પ્રતિ જ્યાં વિસ્તારથી કહેવામાં આવ્યું છે એવા અનેકાંત દર્શનની અપભ્રાજના કેવલ બાહ્ય નજરે ખોટી રીતે થાય એ મને ગમતું નથી. આ તો 'પાડાના વાંકે પખાલીને ડામ' દેવા જેવું થાય છે ! પિતાશ્રીનો અવિનય કર્યો માની લઇએ તો એ મેં કર્યો છે. એમાં મારા જૈન ધર્મના અભ્યાસને શું લાગેવળગે ? શામાટે એ નિંદાય ? આપ સરખા વિદ્વાન્ એ નિવારણનો મંત્ર–તંત્ર શોધી આપો તો ઘણું સારૂં. જૈન ધર્મ મારી ભૂલનો ભોગ ન બની શકે,

કુંવરી ! શાસ્ત્રમાં મંત્ર–તંત્ર કે જ્યોતિષ અંગેના ઉલ્લેખો છતાં અમારા સરખા અનગારને એના પારાયણમાં ઉતરવાનો નિષેધ છે. અલબત્ત, શાસનપ્રભા-વિકોને માટે એના દ્વાર બંધ નથી જ. કારણ પરત્વે એના ઉપયોગને સ્થાન છે. પણ પૂજ્ય સૂરિજી, આપને મુંઝાવાની જરૂર નથી. મારી આ પ્રાર્થના કોઇ ઐહિક સ્વાર્થને લઇ નથી થઇ, કેવલ એ પાછળ જૈન ધર્મની સાચી પ્રભા પથ-રાય એ જ ભાવના છે.

કુંવરી ! વિષાદ ધરવાનું જરા પણ કારણ નથી. મંત્ર–તંત્રનું પણ કામ નથી. 'તપ' એ રામબાણ તુલ્ય અદ્વિતીય ઔષધ છે. કર્મ રોગને ટાળવામાં એ જલદ દવા છે. ચૈત્ર માસ આવે છે તેમાં તમો દંપતી શુદ્ધભાવે શ્રી નવપદનું આરાધન કરો. એથી સૌ સારાં વાનાં થશે. સિદ્ધચક્રથી મોટો કોઈ યંત્ર નથી અને નવકાર મંત્રથી મોટો અન્ય મંત્ર નથી. આયંબિલ તપનો પ્રભાવ તો અણુ-ચિંતવ્યો છે.

ઉપરના ત્રણ પ્રસંગ પણ એક યા બીજે સ્વરૂપે બનતાં દૃષ્ટિગોચર થાય છે, એ પાછળનું રહસ્ય સમજવાની તેથી જ અગત્ય ગણાય. પાંચમો પ્રસંગ પતિવ્રતા ધર્મની મહત્તા સમજાવે છે એટલું જ નહીં પણ નારીહૃદયની સુવાસ, સહનશીલતા અને ઉદારતા સામે ધરે છે. એ જોતાં સમાન હક આદિ આજના યુગની કેટલીક વાતો ક્ષોભ પેદા કરે છે. કયા યુગને સુવર્ણની ઉપમા આપવી એ પ્રશ્ન ખડો થાય છે.

ચોથો તેમજ છઠ્ઠો પ્રસંગ જૈન ધર્મના મંતવ્યો પર ઠીક ઠીક પ્રકાશ ફેંકે છે. આજના જગતમાં ઉપરછલ્લા અભ્યાસથી જૈનોને માત્ર કર્મવાદી કહેનારા જોઇ લે કે જૈન ધર્મમાં તો આત્મશક્તિના ને પુરુષાર્થની પ્રબળતાના બ્યાન પગલે પગલે ભર્યાં પડ્યા છે. ત્યાગી પણ શાસનપ્રભાવના કરવા કેડ બાંધી શકે છે. આચારના બંધન નથી તો એ કાળે આડા આવતાં કે કારણવશાત્‌ના અતિચાર નથી તો એ સંતોના મુક્તિ માર્ગને રોકતા. દેશ-કાળને પારખવાની શક્તિ સાધુ-શ્રાવકરૂપ ઉભય વર્ગમાં હોવી જ જોઇએ. ગત કાળના આ દૃષ્ટાંતો આપણને જ્વલંત પ્રેરણાદાયી છે. તેથી જ અન્ય ચરિત્રો કરતાં આનું વિવરણ વધુ કરાય છે અને એ દ્વારા કથાકાર નવનવા રસ જન્માવે છે. (ચાલુ) ચોકસી

# पारसी भाषा की जैन रचनायें ॥

( लेखक—अगरचन्द नाहटा )

मुसलमान साम्राज्य में भारत के कला, संस्कृति, धन एवं जन का बड़ा भारी विनाश हुआ। जैन समाज भी उससे अछुता नहीं रह सकता था फिर भी जैन मंत्रियों आदि श्रावकों की बुद्धिमत्ता एवं जैनाचार्यों के असाधारण पांडित्यने मुसलमान सम्राटों के हृदय में अच्छा प्रभाव डाला और इससे जैन धर्म के शास्त्रभंडारो एवं मन्दिरों की अपेक्षाकृत बहुत कम हानि हुई। १४ वीं शताब्दी के खरतर गच्छाचार्य श्रीजिनप्रभसूरिजी भी ऐसे ही महान प्रभावक हो गये है जिन्होंने मुहम्मद तुगलक को अपनी विद्या का अद्भूत चमत्कार दिखा कर प्रभावित किया इससे जैन धर्म एवं समाज का बड़ा उपकार हुआ। मुनि जिनविजयजी भी विविधतीर्थकल्प की प्रस्तावना में लिखते है कि "जिनप्रभसूरिने १४ वीं शताब्दी में तुगलक, सुलतान महम्मशाह के दरबार में बड़ा गौरव प्राप्त किया था, भारत के मुसलमान बादशाहों के दरबार में जैन धर्म का महत्व बतलानेवाले और उसका गौरव बढ़ानेवाले शायद सबसे पहले येही आचार्य हुए।" आपके सम्बन्ध में विशेष जानने के लिये देखे हमारा 'शासनप्रभावक जिनप्रभसूरि' नामक लेख।

१—जिसके प्रमाणस्वरूप उन्हें सम्राटोंद्वारा प्राप्त अनेक फरमान आज भी उपस्थित है जिन पर भी स्वतंत्र लेख में प्रकाश डाला जायगा।

जैनाचार्य विद्या के सर्जन एवं प्रचार में बड़े उदार रहे है। उन्होंने बौद्ध विद्यालयों एवं ब्राह्मणपंडितों के पास जाकर भी विद्याध्ययन किया एवं जैनेतर ग्रन्थों का सम्यक् अध्ययन कर परमतशास्त्रवेत्ता भी बने। उन्होंने जैनेतर रचित अनेक ग्रन्थों पर सैंकडो टीकायें बनाकर अपनी उदारता का उज्ज्वल उदाहरण उपस्थित किया। जिनप्रभसूरिजीने सम्राट् एवं उसके दरबार में प्रभाव बढ़ाने लिये राजभाषा पारसी का अध्ययन भी आवश्यक समझा और उसमें अच्छी योग्यता प्राप्त की। आपके रचित पारसी भाषा के ऋषभदेव[1] स्तवन को संस्कृत अवचूरि एवं गुजराती अनुवाद सह मुनि जिनविजयजीने जैन साहित्य संशोधक खंड ३, अंक १ में प्रकाशित किया है।

इसके पश्चात् जिनप्रभसूरि परम्परा की सं. १४२० के लगभग की लिखित एक संग्रहप्रति यहाँ के बृहत् ज्ञानभंडार में हमारे अवलोकन में आयी हैं जिसमें पारसी भाषा का शान्तिनाथाष्टक प्राप्त हुआ है और इस प्रति में ३०० के लगभग पारसी शब्दों के संस्कृत अर्थ लिखे हुए है। विशेष संभव यह अष्टक एवं पारसी शब्दों के अर्थ जिनप्रभसूरि के ही रचित है। इसके पश्चात् पाटण पोरवाड़ मदनपाल के पुत्र विक्रमसिंहने "पारसी भाषानुशासन[3]" ग्रन्थ बनवाया जिसका विशेष परिचय जैन सत्यप्रकाश क्रमांक ८४ में एवं प्रेमी अभिनंदन ग्रन्थ में देखना चाहिये।

१—जैन सत्यप्रकाश वर्ष ७, अंक ८ में इसका उल्लेख करते हुए प्रो. बनारसीदास जैनने दो भूलें की हैं। १ इस स्तवन का रचयिता रत्नप्रभसूरि लिखा है वह जिनप्रभसूरि होना चाहिये। एवं २ उदयसमुद्र (प्रतिलेखक) का समय १७२८ अनुमान किया जाता है वह भी ठीक नहीं है। १७२८ वाले उदयसमुद्र के गुरु कमलहर्ष थे, लावण्यसमुद्र नहीं और प्रतिलेखन का समय जिनविजयजी १७ वीं से पीछे का नहीं है, बतलाते है।

२—विजयधर्मसूरि ज्ञानमन्दिर आगरे में २१ पद्यों की टीकासह एक प्रति है जिस का १४ वां पद्य फारसी भाषा का है। उसके अन्त में "इति श्री जिनभद्रसूरिकृत पारसीबद्ध श्री जिन नमस्कार काव्यार्थ" लिखा है पर अन्त में षटपद काव्य की वृत्ति में जिनप्रभसूरिरचित लिखा है। अतः यह पद्य एवं टीका भी उन्हीं की संभव है जिनप्रभ के स्थान पर जिनभद्रनाम लिपिकार की गल्ती से लिखा गया प्रतीत होता है। यही १४ वां पद्य विक्रमसिंहरचित "पारसी भाषानुशासन" के मंगलाचरण का दूसरा पद्य है (देखे जैन सत्य प्रकाश क्रमांक ८५) अतः इस कोष का निर्माणकाल जिनप्रभसूरि के पीछे का निश्चित होता है।

३—मंत्री सोम के पुत्र सलक्ष्य के रचित यवन रासमाला का आदि पत्र भी हमारे संग्रह में हैं। संभव है वह सिद्धिचंद्रादि का हो।

सम्राट् अकबर से जैन विद्वानों का घनिष्ट सम्बंध इतिहासप्रसिद्ध है। इस सम्बन्ध का प्रारंभ नागपुरीय तपागच्छ के पद्मसुन्दरजी के गुरु का बाबर से होता है पर जैनसमाज को इस से विशेष लाभ हीरविजयसूरिजी एवं जिनचन्द्रसूरिजी आदि के मिलने से होते है। तपागच्छीय उपाध्याय भानुचन्द्र के शिष्य सिद्धिचन्द्र का पारसी भाषा पर अच्छा अधिकार होने का उल्लेख "सूरीश्वर और सम्राट्" में पाया जाता है[1]। खरतरगच्छ के कविवर समयसुंदरजी एवं जयसोमजी का फारसी भाषा पर अधिकार उनकी रचनाओं से स्पष्ट है। जयसोमजीरचित फुट कर पद्यों में से २ पद्य फारसी भाषा के उपलब्ध है। कविवर समयसुन्दरजी के प्रशिष्य राजसोमजीरचित "पार्श्वजिनस्तवन" को हमने कई वर्ष पूर्व "जैनज्योति" वर्ष २, अंक ७ में प्रकाशित किया था। जैसलमेर भंडार का अवलोकन करते हुए पारसी भाषा के ३–४ स्तवन और भी उपलब्ध हुए हैं जिन में से आदिनाथ स्तवन गा. २० (अन्य प्रतियों में २ पद्य अधिक है) महिमासमुद्र (बेगड़ खरतर गच्छाचार्य जिनसमुद्रसूरि) रचित है। एक अन्य स्तवन अपूर्ण प्राप्त है, यह भी संभवतः इन्हीके रचित है। गौड़ी पार्श्वनाथ के ३ स्तवन गा. ५–५–२ के प्राप्त हैं जिनमें से १ अर्थसह उपलब्ध है और वह किसी मोहन नामक यति का रचित है। मुनियों के अतिरिक्त श्रावक मूलकचन्दने तिब्बसहाणी नामक वैदक विषयक फारसी ग्रन्थ का हिन्दी में पद्यानुवाद "वैद्यहुलास" के नाम से किया हुआ मिलता है।

जैन भंडारों का अवलोकन करते हुए मुझे कई फारसी के ग्रन्थों की प्रतिलिपियें प्राप्त हुई हैं एवं कई पत्रों में फारसी शब्दों पर अपनी भाषा में टिप्पनी लिखी हुइ प्रतियें मिली है अत एव और भी कई जैन विद्वानों ने फारसी भाषा को सीखने एवं पढ़ने का प्रयत्न किया है, सिद्ध होता हैं। मेरे संग्रह में खालकबारी नाममाला की प्रति जैन यति की लिखित उपलब्ध है अतः उनकी और भी रचनायें मिलना संभव हैं। जैनविद्वानों का फारसी का अध्ययन स्वार्थप्रेरित नहीं पर उदारतासूचक है।

---

१–जैनज्योति वर्ष ३, अं. ११, पृ. ४०५ में साराभाइ का "फारसी भाषानुं जिनस्तवन" शीर्षक लेख छपा है। मेरे पास उक्त अंक न होने के कारण यह स्तवन किस के रचित है, अज्ञात है। साराभाइ को पूछा गया पर उत्तर नहीं मिला।

# પ્રથમ અંગનું પરિમાણ

( લેખક—પ્રો. **હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.** )

આ ‘ હુણ્ડા ’ અવસર્પિણીમાં ‘ ભારત ’ વર્ષમાં જે ચોવીસ તીર્થંકરો થયા તેમાંના છેલ્લા તીર્થંકર તે શ્રમણ ભગવાન્ **મહાવીરસ્વામી** છે. એમની પાસેથી આગમોની સર્વસાધારણ ચાવી ( master key ) રૂપ ‘ ત્રિપદી ’ મેળવી એમના અગિયારે મુખ્ય શિષ્યોએ—ગણધરોએ એકેક દ્વાદશાંગ ગણિપિટક રચ્યું. આમ જે અગ્યાર ગણિપિટકો રચાયા તેમાંનું પાંચમા ગણધર નામે **સુધર્મસ્વામી**એ રચેલું ગણિપિટક અને તે પણ અપૂર્ણ સ્વરૂપમાં આજે મળે છે. **દિટ્ઠિવાય**ને નામે ઓળખાતું અને સૌથી પ્રથમ રચાયેલું પણ બારમા તરીકે સ્થપાયેલું અંગ તો કેટલી યે સદીઓ થયા નાશ પામ્યું છે. **આયાર** નામનું અંગ સ્થાપનાની દૃષ્ટિએ પ્રથમ છે એટલે એનો પ્રથમ અંગ તરીકે મેં નિર્દેશ કર્યો છે. આના પરિમાણમાં શી વધઘટ થઇ છે તે વિચારવા માટે આ લેખ લખાય છે.

આજે જે સ્વરૂપમાં આપણને **આયાર** મળે છે તેમાં બે સુયકખંધ ( શ્રુતસ્કંધ ) છે. પહેલામાં આઠ અજ્ઝયણ ( અધ્યયન ) છે અને બીજામાં સાત સાત અજ્ઝયણોવાળી બે ચૂલા, **ભાવણા** નામના અજ્ઝયણરૂપ ત્રીજી ચૂલા અને **વિમુત્તિ** નામના અજ્ઝયણરૂપ ચોથી ચૂલા છે. આમ એકંદર ચોવીસ અજ્ઝયણ છે.

**વીરસં**વત ૯૮૦ અર્થાત્ વિ. સં. ૫૧૦માં એટલે ઇ. સ. ૪૫૪ માં અથવા તો મતાન્તર પ્રમાણે **વીરસં**વત ૯૯૩માં **દેવર્દ્ધિગણિ** ક્ષમાશ્રમણની દેખરેખ હેઠળ આગમો પુસ્તકારૂઢ થયા ત્યાર પછી એની કશી નવી સંકલના થઇ નથી. એટલે આજે મળી આવતા આગમો જે પુસ્તકારૂઢ થયા છે તેની આ સંકલના લગભગ ૧૫૦૦ વર્ષો થયાં તો એની એ સચવાઇ રહી છે.

**સમવાય**( સુત્ત ૯ )માં નવ ‘બંભચેર’ ગણાવાયાં છે. એ નવ નામ તે **આયાર**ના પહેલા સુયકખંધના નવ અજ્ઝયણ છે એ હકીકત **સમવાય**( સુત્ત ૨૫ )માં **આયાર**ના પચ્ચીસ અજ્ઝયણો ગણાવાયાં છે તે ઉપરથી સ્પષ્ટપણે જોવાય છે. **સમવાય**ના **૧૩૬**મા સુત્ત (સૂત્ર)-માં **આયાર**ના બે સુયકખંધો છે. એનાં ૨૫ અજ્ઝયણ છે. પંચ્યાસી ઉદ્દેસણ કાલ છે, પંચ્યાસી સમુદ્દેસણકાલ છે, પદાગ્રથી એટલે પદના પરિમાણથી અરાઢ હજાર પદ છે, સંખ્યાત અક્ષરો છે, સંખ્યાત વેઢ ( વેષ્ટક ) છે, અને સંખ્યાત સિલોગ ( શ્લોક ) છે. **નંદી** (સુ. ૪૬ )માં પણ આ જ હકીકત છે.

**આયારનિજ્જુત્તિ**( ગા. ૧૧)માં પણ નવ બ્રહ્મચર્યમય પ્રથમ સુયકખંધ છે એવો ઉલ્લેખ છે. સાથે સાથે ત્યાં **આયાર**ને ૧૮૦૦૦ પદવાળો વેદ કહ્યો છે. વિશેષમાં એને પાંચ ચૂલા છે અને પદાગ્રથી એ બહુ અને બહુતર છે એમ કહ્યું છે. આ ગાથા નીચે મુજબ છે:—

" णव बंभचेरमइओ अट्ठारसपयसहस्सिओ वेओ ।
हवइ य सपंचचूलो बहुबहुत्तरओ पयग्गेणं ॥ ११ ॥ "

આ ઉપરની ચુણ્ણિ(પત્ર ૪)માં આ પાંચ ચૂલાઓ **આયાર** કરતાં અજ્ઝયણાની સંખ્યાએ બહુ અને પદાગ્રથી બહુતર છે એટલે કે બમણી અથવા ત્રણગણી છે એમ કહ્યું છે. **શીલાંકસૂરિ આયાર**ની ટીકા(પત્ર ૬ અ, રતલામવાળી આવૃત્તિ)માં કહે છે કે પાંચમી ચૂલા તે 'નિશીથાધ્યયન' છે. ચાર ચૂલારૂપ બીજા શ્રુતસ્કન્ધનો પ્રક્ષેપ કરાયાથી બહુ, **નિશીથ** નામની પાંચમી ચૂલાના પ્રક્ષેપે કરીને બહુતર અને અનંત ગમ અને પર્યાયવાળો હોવાથી બહુતમ પદાગ્રથી એટલે કે પદના પરિમાણથી છે.

આ પ્રકારના વિવિધ ઉલ્લેખો ઉપરથી એ વાત ફલિત થાય છે કે સૌથી પ્રથમ **આયાર** નામનું એક જ સુયક્ખંધરૂપ હતું અને તેને નવ અજ્ઝયણ હતાં.[૧] કાલાન્તરે 'મહાપરિણ્ણા' નામનું અજ્ઝયણ નાશ પામ્યું. **આયારનિજ્જુત્તિ**( ગા. ૩૧-૩૨)માં પ્રથમ સુયક્ખંધના નવ અજ્ઝયણો જે ગણાવાયાં છે તેમાં મહાપરિણ્ણાનો ક્રમાંક સાતમો છે અને એની ચુણ્ણિ અને ટીકામાં પણ એમ જ છે.

**સમવાય**( સુ. ૨૫)માં એને નવમું ગણાવ્યું છે અને **નંદી**ની **હરિભદ્રસૂરિ**કૃત વૃત્તિ( પત્ર ૯૮ )માં તેમજ **સમવાય**( સુ. ૧૩૬ )ની **અભયદેવ**સૂરિકૃત વૃત્તિમાં અપાયેલી ગાથામાં એને આઠમું ગણાવાયું છે. આમ એના ક્રમ પરત્વે ત્રણ વિધાનો જોવાય છે. આ સ્થળે એનાં કારણોની ગવેષણા બાજુ ઉપર રાખીશું.

**મહાપરિણ્ણા** ઉપર નિજ્જુત્તિ રચાઈ છે એટલે એના કર્તાના સમય સુધી તો આ અજ્ઝયણ હતું. વજ્ર**સ્વામી**એ **મહાપરિણ્ણા**માંથી 'આકાશગામિની' વિદ્યા ઉદ્ધૃત કરી હતી એમ **આવસ્સયનિજ્જુત્તિ**( ગા. ૭૬૯ )માં ઉલ્લેખ છે. એટલે આ સમયે તો આ અજ્ઝયણ સર્વાંશે નહિ તો અંશતઃ પણ હતું એમ કહી શકાય. **સમવાય**માં એને નવમું ગણાવાયું છે એથી એમ કલ્પના સ્ફુરે છે કે **દેવર્દ્ધિગણિ**ના સમયમાં એ હતું નહિ તેથી એનો છેલ્લો ઉલ્લેખ કરાયો હશે.

**આયારનિજ્જુત્તિ**ની ૨૯૦ મી ગાથામાં કહ્યું છે કે-**મહાપરિણ્ણા**માંથી સાતે 'સત્તિક્કગ'નું નિર્યૂહણ કરાયું છે. એટલે આમ આ અજ્ઝયણની વાનગી સચવાઈ રહી છે.

**મહાપરિણ્ણા**નું પરિમાણ કોઈ સ્થળે નોંધાયેલું હોય એમ જણાતું નથી, પરંતુ ઉદ્દેસણકાલને અંગે જે સંગ્રહગાથા **હરિભદ્ર**સૂરિએ **નંદી**ની વૃત્તિ( પત્ર ૯૮ )માં અને **અભયદેવસૂરિ**એ **સમવાય**( સુ. ૧૩૬ )ની વૃત્તિમાં આપી છે તે ઉપરથી એના સાત ઉદ્દેસઅ ( ઉદ્દેશક ) હશે એમ જણાય છે. આ રહી એ ગાથા:—

---

૧. શું આ સૂચવવા માટે **શીલાંક**સૂરિ **આયાર**ની ટીકામાં પોતાનો પરિચય અને રચનાસમય પહેલા સુયક્ખંધના અંતમાં આપે છે ?

" सत्त य छ चउ चउरो छ पंच अट्ठेव सत्त चउरो य ।
एक्कारा ति ति दो दो दो दो सत्तेक्क एक्को य ॥ "

અલબત્ત આ ગાથાનો ઉપર પ્રમાણે અર્થ કરતી વેળા ' મહાપરિણ્ણા ' આઠમું અજ્ઝયણુ છે એમ માની લીધું છે કે જે માન્યતાને **સમવાય**ની ઉપર્યુક્ત વૃત્તિ સમર્થિત કરે છે. **શીલાંકસૂરિ**કૃત **આયાર**ની ટીકા( ભા. ૨; પત્ર ૨૯૦ અ )માં **મહાપરિણ્ણા**ના સાત ઉદ્દેસગ છે એવો સ્પષ્ટ ઉલ્લેખ છે એટલે હવે શંકાને સ્થાન રહેતું નથી.

**આયારનિજ્જુત્તિ**ની નિમ્ન લિખિત ગાથા **આયાર**ના પહેલા સુયકખંધને નવ અજ્ઝયણુ છે એ હકીકત તેમજ એના ઉદ્દેસગ નોંધે છે પણ વિચિત્રતા તો એ છે કે એમાં આઠના જ ઉદ્દેસગની સંખ્યા દર્શાવાઇ છે અને તેમાં પણ પાંચમા અને છઠ્ઠા અજ્ઝયનના ઉદ્દેસગની સંખ્યા પ્રકાશિત આવૃત્તિમાં છે તેનાથી ભિન્ન છે:—

" सत्तहिं छहिं चउ चउहि य पंचहिं अट्ठट्ठचउहि नायव्वा ।
उद्देसएहिं पढमे सुयखंधे नव य अज्झयणा ॥ ३४८ ॥ "

આમ આમાં પાંચમા અને છઠ્ઠા અજ્ઝયણુના ઉદ્દેસગની સંખ્યા પાંચને બદલે આઠ દર્શાવાઇ છે, જ્યારે અન્યત્ર એ છ અને પાંચ છે. આનું શું કારણ હશે? આ ગાથા તો અશુદ્ધ નથી તો પછી શું સમજવું? શું આ બે અજ્ઝયણોના ઉદ્દેસગની સંખ્યામાં ઘટાડોવધારો થયો હશે? આગમોનું સમીક્ષાત્મક સંસ્કરણ તૈયાર કરાય છે એમ સાંભળ્યું છે. જો એમ હોય તો એના સંપાદક મહાશયને આવો અને આ લેખમાં દર્શાવાયેલી અન્ય ગુંચનો ઉકેલ જાહેરમાં સપ્રમાણ સૂચવવા મારી સાદર વિજ્ઞપ્તિ છે.

**આયારનિજ્જુત્તિ**ની નીચે મુજબની ગાથામાં ચાર ચૂલાની નિજ્જુત્તિ કહેવાઇ અને હવે આગળ ઉપર પાંચમી ચૂલારૂપ **નિસીહ**ની કહેવાશે એમ કહી ચાર ચૂલારૂપ એક વિભાગ અને પાંચમી ચૂલારૂપ બીજો વિભાગ એમ બે વિભાગ સૂચવાયા છે કે જે હકીકતને **શીલાંકસૂરિ**ની ટીકા સમર્થિત કરે છે:—

" आयारस्स भगवओ चउत्थचूलाइ एस निज्जुत्ती ।
पंचम चूलनिसीहं तस्स य उवरिं भणिहामि ॥ ३४७ ॥ "

આ ઉપરથી એ ફલિત થાય છે કે આ નિજ્જુત્તિ રચાઇ ત્યારે **આયાર**ને પાંચ ચૂલારૂપ દ્વિતીય સુયકખંધ હતો એટલે કે એની ચાર ચૂલામાં પાંચમાનો ઉમેરો થઇ ચૂકયો હતો. આની બીજી સાબિતી એ છે કે **નિસીહવિસેસચુણ્ણિ**માં **નિસીહનિજ્જુત્તિ**નો ઉલ્લેખ છે અને **ભદ્રબાહુસ્વામી**એ જે દસ નિજ્જુત્તિ રચવાની પ્રતિજ્ઞા કરી છે તેમાં **નિસીહનિજ્જુત્તિ**નો ઉલ્લેખ નથી, કેમકે એમના મતે એનો **આયારનિજ્જુત્તિ**માં અંતર્ભાવ થાય છે. અહીં પ્રશ્ન એ ઊઠે છે કે **નિસીહ**ને એક વેળા **આયાર**નો ભાગ

ગણ્યો તો પછીથી એને કોણે અને તે પણ શા માટે પૃથક્ સ્થાન આપ્યું? આનો ઉત્તર મને એમ ભાસે છે કે **નિસીહ**ની સાતિશય અજ્ઝયણ તરીકે ગણના કરાતા એને **આયાર**થી અલગ કરાયું હોય કેમકે **કપ્પનિજ્જુત્તિ**( ગા. ૧૪૬ )માં સ્ત્રીઓને સાતિશય અજ્ઝયણો અને **દિટ્ઠિવાય** ભણવાની મનાઇ કરાઇ છે.

બીજા સુયક્ખંધ કે જે 'આયારગ્ગ' તેમજ 'આયારંગ' પણ કહેવાય છે તે કોની કૃતિ છે એ વાત **આયારનિજ્જુત્તિ**( ગા. ૨૮૭ )માં દર્શાવાઇ છે. ત્યાં કહ્યું છે કે શિષ્યોનું હિત થાઓ એમ કરીને અનુગ્રહ માટે તેમજ અર્થ સ્પષ્ટ થાય તે માટે સ્થવિરોએ **આયાર**માંથી ( સમસ્ત ) અર્થ, આચારંગ( આયારાગ્ગો )માં વિભક્ત કર્યો. આ રહી એ ગાથાઃ—

**" थेरेहि णुग्गहट्ठा सीसहिअं होउ पागडत्थं च ।**
**आयाराओ अत्थो आयारंगेसु पविभत्तो ॥ २८७ ॥ "**

આની ટીકામાં **શીલાંકસૂરિ** 'થેર'નો અર્થ 'ચૌદ પૂર્વધર' કરે છે. આથી એમ જણાય છે કે **આયારનિજ્જુત્તિ**ના કર્તાની **પૂર્વે** થઇ ગયેલા શ્રુતકેવલીએ આયારગ્ગો રચ્યાં છે. **આયારનિજ્જુત્તિ**ની ૨૮૮–૨૯૧ ગાથામાં કયાથી શેનું શેનું નિર્યૂહણ કરાયું તેનો ઉલ્લેખ છે. આની પછીની ગાથામાં વાત એ વળી કહેવાઇ છે કે 'બ્રહ્મચર્ય' નામનાં અજ્ઝયણોમાંથી જે આયારાગ્રો નિર્યૂઢ કરાયાં તે પણ 'શસ્ત્રપરિજ્ઞા' ( **સત્થ-પરિણ્ણા** ) અજ્ઝયણમાંથી નિર્યૂઢ કરાયાં છે. અહીં મને **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ**-( પૃ. ૪૮ )નો નિમ્નલિખિત ઉલ્લેખ યાદ આવે છે.

" આચારાંગમાં પ્રથમ શ્રુતસ્કંધ જૂનામાં જૂનો છે ને તેમાં પહેલું અધ્યયન તો બીજાં અધ્યયન કરતાં વધુ પ્રાચીનતા દર્શાવે છે. "

આમ કહેવા માટે શો આધાર છે તે સ્વ. **મોહનલાલ દેસાઇએ** કહ્યું નથી. એટલે એ વિષે અહીં હું ઊહાપોહ કરતો નથી.

**પદસંખ્યા—આયારના પ્રથમ** સુયક્ખંધની પદસંખ્યા અરાઢ હજારની છે, નહિ કે બંને સુયકખંધની એમ **આયારનાં** વિવરણોમાં કહેવાયું છે, પણ 'પદ' એટલે શું અર્થાત્ એક પદમાં કેટલાં અક્ષરો સમજવાના છે તેનો આ કોઇ વિવરણમાં નિર્દેશ નથી. અન્યત્ર કોઇ પણ પ્રાચીન શ્વેતાંબરીય કૃતિમાં જણાતો નથી.[1]

---

૧. **તત્ત્વાર્થાધિગમસૂત્ર**નું અંગ્રેજી ભાષાન્તરપૂર્વક **જે. એલ. જૈનીએ** અંગ્રેજીમાં જે સ્પષ્ટીકરણ આપ્યું છે તે( પૃ. ૨૯ )માં દિગંબર દૃષ્ટિએ પદ વિષે સમજૂતી આપી છે. એમાં મધ્યમ પદમાં ૧૬,૩૪,૮૩,૦૭,૮૮૮ અક્ષરો હોવાનું સૂચવાયું છે. વિશેષમાં **આયાર**માં ૧૮,૦૦૦ પદો છે એમ અહીં ઉલ્લેખ છે.

**આયાર**નિજ્જુત્તિની નીચે મુજબની ગાથા બીજા સુયક્ખંધનાં ઉદ્દેસઅ ગણાવે છે પરંતુ એનો ઉત્તરાર્ધ સમજાતો નથી. તો એ કોઇ સમજાવવા કૃપા કરશે ?

**" इक्कारस ति ति दो [illegible] उद्देसएहिं नायव्वा ।**
**सत्तय अट्ठ नवमा इक्कसरा हुंति अज्झयणा ॥ "**

" ભાંડારકર પ્રાચ્ય વિદ્યાસંશોધનમંદિર "માં **આયારનિજ્જુત્તિની** જે હાથપોથી છે તેમાં પણ **આમ** જ ગાથા છે.

**વેઢ્ઢઅ** ( વેષ્ટક )—આપણે ઉપર જોઇ ગયા તેમ **આયારમાં** વેષ્ટક અને શ્લોકની સંખ્યા સંખ્યાત છે. ' વેષ્ટક ' એ એક જાતનો છંદ છે એમ **નંદિ**ની ચુણ્ણિમાં તેમજ એની **હરિભદ્રસૂરિ**કૃત તેમજ **મલયગિરિ**સૂરિકૃત વૃત્તિમાં કહેવાયું છે, જ્યારે **સમવાય**-( સુ. ૧૩૬ ) ની **અભયદેવસૂરિ**કૃત વૃત્તિમાં આ અર્થ આપવા ઉપરાંત મતાંતર તરીકે એક અર્થને કહેનારી ' વચનની સંકલના ' એવો બીજો અર્થ સમાયો છે.

મુનિવર **નંદિષેણે** રચેલા **અજિયસંતિથય**નું નવમું, અગિયારમું અને ૨૨ મું પદ્ય ' વેઢ્ઢઅ ' છંદમાં છે, પણ ત્રણેના પ્રકાર જુદા છે.[1] આવી કોઇ જાતના ' વેઢ્ઢઅ ' છંદમાં **આયાર**નો કોઇ ભાગ રચાયો હશે ? શું એ ભાગ આજે ઉપલબ્ધ છે ખરો ? " **संखेज्जा वेढा संखेज्ज सिलोगा** " એમ સૂયગડ અને ઠાણને ઉદ્દેશીને અને ' ભવ ' દ્વારા સમવાય, નાયાધમ્મકહા વગેરે અંગોને આશ્રીને **સમવાય ( સુ. ૧૩૬ )** માં ઉલ્લેખ છે. આ વિચારતાં ' વેઢ્ઢઅ ' છંદમાં રચાયેલો ભાગ નાશ પામ્યો હોય એમ ભાસે છે. આ હકીકત **અભયદેવસૂરિ**ને માન્ય નહિ હોવાથી શું એમને વેઢ્ઢઅનો બીજો અર્થ દર્શાવ્યો હશે ?

**સિલોગ**—( શ્લોક ) આવો સામાન્ય અર્થ ' શ્લોક ' છે અને એ જાતજાતના ' અનુષ્ટુભ્ ' ને લાગુ પડે છે. **આયાર**ના ' ધુય ' અજ્ઝયણના પહેલા ઉદ્દેસઅમાંના ૧૪ માથી ૧૬ મા સુધીના પદ્યો ' અનુષ્ટુભ્ ' માં છે. એવી રીતે ' વિમોહ'નો સમસ્ત આઠમો ઉદ્દેસઅ અનુષ્ટુભ્માં છે. એની પદ્યાંકની સંખ્યા ૧૧–૪૧ છે. આમ ' સિલોગ ' માં રચાયેલો ભાગ તો **આયારમાં** તેમજ **સૂયગડ** વગેરેમાં પણ મળે છે.

---

૧. એવી રીતે નારાયઅના, લલિયયના અને ખિત્તયના એ પ્રકારો ૧૪ મા અને ૩૧ માં પદ્યમાં, ૧૮ મા અને ૩૨ મામાં અને ૨૪ મા અને ૨૫ મામાં નજરે પડે છે.

# સભા....સમાચાર.

## આનંદ-વાર્તાલાપ.

માગશર વદિ ૦)) ના રોજ સવારના સાડાદસ કલાકે શ્રીયુત બબલચંદભાઇ કેશવલાલભાઈ મોદી આપણી સભાની મુલાકાતે આવ્યા હતા, જે સમયે મેનેજીંગ કમિટીના સભ્યો ઉપરાંત અન્ય સદ્દગૃહસ્થો પણ સારી સંખ્યામાં હાજર હતા. શરૂમાં શ્રીયુત જીવરાજભાઇ ઓધવજી દોશીએ સભાસદોનો પરિચય કરાવ્યો હતો અને સભાની સાહિત્ય-પ્રગતિ સંબંધી તેમજ પ્રકાશન સંબંધી હકીકત જણાવી હતી. આ પ્રસંગે અમરચંદ માવજીભાઇ શાહે પ્રસંગને અનુરૂપ કાવ્ય વાંચી સંભળાવ્યું હતું.

ત્યારબાદ શ્રીયુત બબલચંદભાઇએ પોતાનું મંતવ્ય રજૂ કરતાં જણાવ્યું હતું કે-કોઇપણ સારી સંસ્થા પૈસાના અભાવે બંધ પડી મેં જાણી નથી. સ્વ. કુંવરજીભાઇ એ તો આ સંસ્થાના પ્રાણ હતા અને તેમણે આજીવન સભાને પોતાની સેવા આપી છે. કોઇપણ સંસ્થાને પ્રગતિ સાધવા માટે સાચા કાર્યકરો જોઇએ છીએ. સાચી ધગશ વિના સંસ્થાનું કાર્ય દીપી શકતું નથી. સભાએ સારૂં કાર્ય કર્યું છે, તેટલા માત્રથી જ તમે સંતોષ ન માનશો. આપણી પાસે કાર્ય કરવા માટે હજી વિશાળ ક્ષેત્ર પડયું છે. જૈનદર્શનનો જગતમાં પ્રચાર કરવો તે આ સમયમાં અને સંયોગોમાં આવી સંસ્થાનું એક મુખ્ય કર્તવ્ય મનાવું જોઇએ અને તેને અનુરૂપ સાહિત્યનો પ્રકાશ કરવા પ્રયાસ કરવો જોઇએ તેમજ જનતાના જીવનને સ્પર્શી શકે તેવા અને સામાન્ય વાંચકો પણ સમજી શકે તેવા સાહિત્ય-પ્રકાશનની પણ જરૂર છે. સભાની હકીકતથી હું માહિતગાર છું. આ સંસ્થાએ ઉપયોગી ને સુંદર સાહિત્ય પ્રકાશિત કર્યું છે.

બાદ સામાન્ય ચર્ચા પછી દુગ્ધપાનને ઇન્સાફ આપવામાં આવ્યો હતો. શ્રીયુત બબલચંદભાઇએ સભાના "પેટ્રન" પદનો આ સમયે સ્વીકાર કર્યો હતો.

× × ×

## પૂજા.

પોસ શુદિ અગિયારશને દિવસે પ્રાતઃકાળમાં સ્વ. કુંવરજીભાઇની દ્વિતીય સંવત્સરી પ્રસંગે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા સભાના મકાનમાં ભણાવવામાં આવી હતી. સભાસદોએ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

# સ્વીકાર અને આભાર

" શ્રી જૈન ધર્મ પ્રકાશ " સહાયક ફંડની અમારી અપીલનો સારો પ્રત્યુત્તર મળી રહ્યો છે. " પ્રકાશે " વાચકવર્ગમાં કેટલો રસ પેદા કર્યો છે તેમજ કેટલી પ્રતિષ્ઠા જમાવી છે, તે નીચેના એક પત્રની પંક્તિઓ દર્શાવી આપે છે.

**અમદાવાદના પ્રતિષ્ઠિત ગૃહસ્થ અને વકીલ મણિલાલ મોહનલાલ શાહ જણાવે છે કે—" જૈન ધર્મ પ્રકાશ " માં આવતા લેખોથી તથા તેની પ્રસિદ્ધિની વ્યવસ્થાથી આકર્ષાઇ મારી ઇચ્છાનુસાર આ સાથે એક ચેક રૂા. ૫૧) નો મોકલી આપું છું."**

આ માસમાં સહાય તરીકે જે નીચેની રકમ મળી છે, તેનો સાભાર સ્વીકાર કરીએ છીએ અને જે જે બંધુઓએ પોતાનો ફાળો ન મોકલી આપ્યો હોય તે સવેળા મોકલી આપી અમારા ઉત્સાહમાં વૃદ્ધિ કરે.

## શ્રી જૈન ધર્મ પ્રકાશ સહાયક ફંડ.

| | | |
|---|---|---|
| ૨૬૯।≈ | અગાઉના | |
| ૫૧) | વકીલ મણિલાલ મોહનલાલ શાહ | અમદાવાદ |
| ૨૫) | વૈદ્ય નગીનદાસ છગનલાલ | ઊંઝા |
| ૧૫) | દલીચંદ નાનચંદ શાહ | મુંબઇ |
| ૧૧) | અંબાલાલ દલસુખભાઇ શાહ | અમદાવાદ |
| ૮। | પ્રાગજી માવજી શાહ | કલકત્તા |
| ૭) | એક ગૃહસ્થ | પોરબંદર |
| ૫) | કલીદાસ જીવરાજ શાહ | પાલનપુર |
| ૫) | લખમશી ગોવીંદજી શાહ | મુંબઇ |
| ૨। | આશાભાઇ ખેમચંદ શાહ | બરોદરા |
| ૨) | વીરચંદ જેઠાલાલ શાહ | બાલાસીનોર |
| ૪૦૦।।।≈ | | |

Reg. No. B. 156

# સદ્‌ગતને સ્મરણાંજલી

[ સ્વર્ગસ્થ શ્રી કુંવરજીભાઇની દ્વિતીય સંવત્સરી દિન
પોસ શુદિ ૧૧ ના રોજ રચેલું કાવ્ય ]

( હરિગીત છંદ )

જેણે વીતાવ્યું જીવન જગમાં, સંઘ સેવા કાર્યમાં;
જેણે વહાવ્યું જ્ઞાનઝરણું, **જૈન ધર્મ પ્રકાશમાં.** ૧

જેણે સૂતાં કે બેસતાં, પરમાર્થ વિચારો કર્યા;
જેણે કર્તવ્ય નાદમાં, નિજ સ્વાર્થને પણ વિસાર્યા. ૨

જેનાં અગાધ પુરુષાર્થથી, પલ્લવિત સંસ્થાઓ થઇ;
જેનાં અનુપમ આત્મબળથી, કાર્યની સિદ્ધિ થઇ. ૩

જેણે નયનનાં નીરને, પ્રૂફ વાંચીને સુકાવીયાં;
જેણે જીવનનાં નૂરને, પરમાર્થમાં વહાવીયાં. ૪

ધરમાત્મા એ **કુંવરજીભાઇ,** હતા જંગમ તીર્થરૂપ;
જેનાં વચનની વિમળતાથી, ભલભલા થઇ જાય ચૂપ. ૫

એ ગયાં બે વરસથી, પુન્ય તિથી ઉજવીએ ભલે;
એનાં જીવનની શાંત સૌરભ, યાદ કરીએ પળે પળે. ૬

એવા પુરુષની યાદગીરી, ભાવનગર કેમ ભૂલશે?
સ્મારક એમનું રાખવા, ફરજ કેમ વિસારશે? ૭

સત્પુરુષનાં જીવનતણી, કદર નહિં કરીએ કદી;
જેણે જીવન સાર્થક કર્યું છે, 'અમર' રહેશે સદી સદી. ૮

અમરચંદ માવજી શાહ.

**ભરતેશ્વર બાહુબલિ વૃત્તિ ભાષાંતર.**

પુરુષ વિભાગ ૧-૨ ( સંપૂર્ણ )

પ્રાતઃસ્મરણીય મહાન સીત્તેર પ્રભાવિક પુરુષોના ચરિત્રોવાળું આ પુસ્તક અવશ્ય વાંચવા યોગ્ય છે. લગભગ ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂા. ત્રણ, પોસ્ટેજ જુદું.

લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ-શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.